સત્યં વદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥

ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ
સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજ

વિદેહ કૈવલ્ય મુક્ત સંવત ૧૯૩૭ માગશર વદ સાતમને ગુરૂવાર, મુ. આકરૂ

વર્ષ ૩૮ સંવત ૨૦૭૨ ફાગણ, એપ્રિલ – ૨૦૧૬, અંક – ૪

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજશ્રીનો ૭૧ મો નિર્વાણ જયંતિ ઉત્સવ મહાવદ આઠમને બુધવાર તા. ૨-૩-૧૬ ના શુભ દિવસે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ઓજરાળા ગામે ધામધૂમથી ઉજવાયો હતો.**



**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહં સાગરજી મહારાજશ્રીનો ૩૯ મો નિર્વાણ જયંતિ ઉત્સવ ફાગણ સુદ ૨ ને ગુરૂવાર તા.૧૦-૩-૧૬ ના શુભ દિવસે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં કંથારીયા ગામે ધામધૂમથી ઉજવાયો હતો.**

**સંપર્ક : ગોરધનભાઈ - મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય





સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષ: ૩૮ / એપ્રિલ–૨૦૧૬ / અંક–૪


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | પદયાત્રા <br> વી. ડી. પટેલ (અઘેવાડા) |
| ૯ | કિર્તન <br> રજુ. મધુબેન પ્રવીણભાઈ ધામેલીયા (નવા નાવડા) |
| ૧૦ | સાચું અજવાળું <br> રમીલાબેન ગોરધનભાઈ ગાબાણી (પીપળીયા) |
| ૧૦ | કીર્તન <br> મધુબેન પી. ભીકડીયા (ઉખરલા) |
| ૧૧ | ૐ સચ્ચિદાનંદાય નમઃ <br> રણછોડભાઈ સાચપરા (અઘેવાડા) |
| ૧૧ | કીર્તન <br> શોભના એ. દિયોરા (ચમારડી) |
| ૧૨ | સંસ્કારોનું મૂલ્ય <br> હંસાબેન બી. ચોગઠ |
| ૧૨ | તમે દયા કરીને <br> વાઘાણી ઉષાબેન ચંદુભાઈ (નાના સુરકા) |
| ૧૩ | સમય ઓળખતા શીખો <br> વિભુતી વી. દવે |
| ૧૫ | તત્ત્વબોધ <br> રેખાબેન આર. મચાણી (ભાવનગર) |
| ૧૮ | આંધળા, બહેરા, મૂંગા... <br> લેખક – શિવ |
| ૧૯ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૦ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૧ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર <br> સંકલિત |


જય સચ્ચિદાનંદ
ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*નારીસ્તનભરનાભિનિવેશં મિથ્યામાયામોહાવેશમ્ ।*
*એતન્માંસવસાદિવિકારં મનસિ વિચારય બારમ્બારમ્ ॥*
*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥ ૧૦ ॥*

### ભાવાર્થ

*નારીનાં સ્તનો અને નાભિસ્થાન મિથ્યા માયા અને મોહનાં જ નિવાસસ્થાનો છે, આ માંસ અને મેદના જ વિકારો છે એમ મનમાં વિચાર કરી હે મૂઢ ! તું સદા ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ્ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. ॥ ૧૦ ॥*


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૭ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

**નાટ્યશાલાસ્થિતો દીપઃ પ્રભું સભ્યાંશ્ચ નર્તકીમ્ ।**
**દીપયેદવિશેષેણ તદભાવેઽપિ દીપ્યતેઃ ॥**

(પ્ર-૧૦-૧૧)

કે નાટકશાળામાં રહેલો દિવો પ્રભુને એટલે રાજાને પ્રકાશ આપે નાચ કરવાવાળા નેય પ્રકાશ આપે ને જોવાવાળી પ્રજાને પણ પ્રકાશ આપે. તો બધાને પ્રકાશ આપે. હવે, બધા પ્રકાશમાં બેસે, નાચે, કૂદે, હસે, રોવે જે કરવું હોય એ કરી લે ને ઊભા થઈને સવ સવનેઘરેય જવું હોય તો ભલે વયા જાય પણ દીવો તો એમનામ પ્રકાશ કર્યા જ કરે. બજારની લાઈટ શું કરે ? બોલો ? આખી રાત કોઈ આવે, જાય, કોઈ હસે, કોઈ રોવે, કોઈ સુખી હોય, કોઈ દુઃખી હોય એમાં લાઈટને શું ? બોલો ? લાઈટ તો કેવળ પ્રકાશ આપે. એમ આપણા બધાનો આત્મા લાઈટ સમાન પ્રકાશ સ્વરૂપ છે. કેવો છે ? બોલો ?...એ તમારા કાનને, હાથને, જીભને, પગને બધાને પ્રકાશ આપે. એ પ્રકાશે તમે સુખી થાવ કે દુઃખી થાવ એ પ્રકાશથી સારા થાવ કે મોળા થાવ પ્રકાશને એની સાથે કાંઈ સંબંધ નથી. એમ તમારો આત્મા **''असङ्गो नहि सज्जते ।''** ''અસંગ આત્મા છે.'' બીજું આકાશ જેવો છે એ યદા રાખવાનું. કેવો ? બોલો ? આકાશ જેવો જેમ આકાશમાં ગમે એટલા એટમ બોમ્બ ફોડે ગમે એટલી વિજળીઓ થાય ગમે એટલી ગોળીઓ ફોડો ગમે એટલી આગ લગાવો પણ આકાશને કાંઈ થાય નહીં. એમ આત્માને કાંઈ થતું નથી. એમ જો સમજો તો હરખય નો રે' ને શોકય... હરખ કેમ ન રહે ? તો વધે નહીં એટલે હરખ નો થાય. એટલી યુક્તિ યાદ રાખો કે વધે નહિ એટલે હરખ નો થાય ને ઘટે નહિ એટલે શોક ન થાય. નકર હરખ કોનો કરવો ? કે વધે તો આત્મામાં તો કાંઈ વધવાનું નથી. તમને ગમે એટલા સારા બંગલા મળી જાય, સારું શરીર મળી જાય, સારા કપડાં મળી જાય એમાં આત્મામાં કાંઈ વધારો થાય નહિ અને કયારેક ઝુપડીમાં રહેવું પડે, કયારેક ભૂખ્યું રે'વું પડે, કયારેક ટાઢમાં રહેવું પડે તો આત્માનું કાંઈ બગડે પણ નહીં, યાદ રહ્યું ? બોલો ? એવો આત્મા એક રસ આત્મા છે. શરીરમાં રહેવા છતાં અશરીર છે. અનવસ્થિતમાં રહેવા છતાં એ વ્યવસ્થિત સ્થિર છે અને **''महान्तं विभुमात्मानं''** એ મહાન છે વિભુ છે એવું આત્માનું મનન કર્યા પછી હર્ષ-શોક રહેતા નથી. તો હરખ-શોક મટાડવો એ ખાસ સાધના છે. એ ના મટે ત્યાં સુધી સમજવું કે હજી આપણે સાચું સમજતા નથી. એટલે હવે, થોડા ઘણાં મનમાં થાયને તો મને નથી થતાં એમ સમજી રાખવું. રહ્યું યાદ ? બોલો ? પેલા મનમાં નો કરવા અને મન નો સ્વભાવ હોય મન નો માનતું હોય એમ માની લે તો ભલે માનતું પણ મને થયું એવું ભ્રાંતિમાં પડવું નહીં. શોક થયો તો શેને થયો ? બોલો ? મનને અને હરખ થયો તોય... કયાં વિષયને લઈને થયો ? તો જગતના વિષયને લઈને થયો એમ સમજવું. કયાં વિષયને ? બોલો ?...જગતમાં પૈસા મળ્યા, પુત્ર મળ્યો, શરીર મળ્યુ. તો જગતના વિષયને લઈને મનને હરખ થયો. જગતના પદાર્થો ઓછા થયા

એટલે મનમાં દુઃખ થયું. મારા આત્માને હરખય નથી ને શોકય નથી. એમ સમજવું. હરખ-શોક ન કરવો એ પેલો ભાગ અને થઈ ગયો હોય તો મને નથી થયો એ બીજો ભાગ રહ્યું યાદ ? બોલો ?

**મહાનુભાવજીએ મહેર કરી, સમજાવી સર્વે રીત,**
**જાગ્રત સ્વપ્ન સુષુપતિ રે, મુને ભાસ્યો રે,**
**મુને ભાસ્યો છે તુરીયાતીત–**

**બ્રહ્મગુરુદેવની આરતી**

તો મહાન અનુભવવાળા મહાત્માઓએ આપણી ભારતીય સંસ્કૃતિમાં અનેક ઉદાહરણોથી અનેક દ્રષ્ટાંતોથી બતાવીને આપણને સમજણ આપી કેમ કે કોઈપણ યુક્તિથી આપણી બુદ્ધિમાં બેસી જવું જોઈએ. હવે, જો વિરોધી તોડવા વાળી યુક્તિ કરશો તો એકાદ કોઈક મળી જશે. પણ એ તોડવા વાળી યુક્તિથી ફાયદો નહિ થાય. રહ્યું યાદ ? બોલો ? જેમ પતિ-પત્ની સંપીને રહે એવી યુક્તિ કરો તો સંપીને રહે પણ કોઈકને અંદર તોડવાનું કામ કરો તો તૂટે કે ન તૂટે ? બોલો ? પણ તોડવાથી ફાયદો છે કે સંપીને રહે તો ફાયદો છે ? એમ તમે આ જાણો તો ફાયદો છે કે આ જાણવાવાળી બુદ્ધિને તોડો તો ફાયદો છે ? એટલા માટે જાણવામાં ફાયદો છે તોડવામાં તો આખી દુનિયાએ તોડેલો છે છે ને છે. જે શાસ્ત્રોનું કહ્યું ગીતાનું કહ્યું કોણ માનવાનું ? બોલો ? ઉપનિષદ સાચા કે ખોટા ?... ઉપનિષદ કહે છે કે જો આ જ્ઞાન દ્રઢ કરશો તો તમને હરખય નહિ રે' ને શોકય... જો આ રીતે સમજણ સંતોએ ગુરુએ આપી હું અસંગ આત્મા છું નિર્લેપ આત્મા છું આકાશ સમાન વ્યાપક આત્મા છું એટલે હું વધતો નથી ને ઘટતો નથી. એટલે હરખ-શોક એ મનના ધર્મ છે. સુખ-દુઃખ એ મનના ધર્મ છે. મારા આત્માને હરખય નથી ને શોકય નથી. એવો રોજ અભ્યાસ કરવો "હું તો સચ્ચિદાનંદ સ્વરૂપ છું" એટલે "ન પુણ્યં ન પાપં ન સૌખ્યં ન દુઃખં" કે મને પુણ્ય નથી ને પાપય નથી. સુખ નથી ને દુઃખ પણ નથી. તો તમે કહો કે આ તીર્થમાં આવ્યા એ શું ? તો એ વ્યવહારીક કક્ષા છે. કઈ કક્ષા છે ? બોલો ? તમે અત્યારે વહેવારથી ઉપર પરમાર્થનું શ્રવણ કરી રહ્યા છો. તો ત્રણ ભાગ હોય ધ્યાનથી યાદ રાખો. પ્રાતિભાસિક સત્તા, વ્યવહારિક સત્તા અને પારમાર્થીક સત્તા. તમને જે જગતમાં ખોટું સમજાવવામાં આવે એ પ્રાતિભાસિક દ્રષ્ટાંતોથી કે સપનું ખોટું છે તે આ જગત પણ...એ દ્રષ્ટાંત દ્વારા સમજાવ્યું એ દ્રષ્ટાંત જે છે એ **''પ્રાતિભાસિક સત્તા''** કહેવાય. અત્યારે વહેવારના પદાર્થો દેખાય એ **''વહેવારિક સત્તા''** કહેવાય અને જે હરખ-શોક નથી આત્માને કાંઈ નથી એ બતાવ્યું એ **''પારમાર્થીક સત્તા''** વહેવારિક કક્ષામાં તમને બધુય છે પણ પારમાર્થીક સત્તામાં તમે આત્મા છો અને આત્માને જન્મ નથી ને મરણય નથી. હરખ નથી ને શોક નથી એટલા આત્માના લક્ષણો બરોબર દ્રઢ કરવા જોઈએ.

**''આત્માને ઓળખ્યા વિના રે,**
**ભવના ફેરા નહિ તો મટે રે જી.**
**ભ્રમણાંને ભાંગ્યા વિના રે,**
**લખ ચોરાશી નહિ તો ટળે રે જી.''**
**''જયાં લગી આત્મા તત્ત્વચીનો નહિં,**
**ત્યાં લગી સાધના સર્વ જૂઠી.''**

(નરસિંહ મહેતા)

તો આત્મના બાર લક્ષણો ધ્યાનથી યાદ રાખો. ભાગવતમાં શ્રીમદ્ ભાગવતમાં આત્માના બાર લક્ષણો કહ્યા છે. કેટલા લક્ષણો ? બોલો ? ...(બાર). શ્રીમદ્ ભાગવતના સપ્તમ સ્કંધમાં કહ્યા છે. તો ધ્યાનથી બરોબર સાંભળો.

**आत्मा नित्योऽव्ययः शुद्ध एकः क्षेत्रज्ञः आश्रयः ।**
**अविक्रियः स्वदग् हेतु र्व्यापकोऽ सङ्ग यनावृतः ॥**

॥૭-૭-૧૬॥

**एतैर्द्वादशभिर्विद्वानात्मनो लक्षणैः परैः ।**
**अहं ममेत्यसद्भवं देहादौ मोहजं त्यजेत् ॥**

॥૭-૭-૨૦॥

આ શ્રીમદ્ ભાગવતના સાતમા અધ્યાયના બે શ્લોકો છે. એટલે ભાગવત શ્રદ્ધાથી જો સાંભળતા હોય તો અત્યારે પ્રેમથી આત્માને ઓળખવા અભ્યાસ કરો **''आत्मा नित्यः''** કેવો છે ? બોલો ? નિત્ય. તો નિત્યમાં હરખ-શોક શું રહ્યો ? બોલો ? હંમેશા છે છે ને છે અને આગળ બે વસ્તુ છોડવાનું ભાગવતનો શ્લોક છે કે "હું ને મારું છોડવું" શું છોડવું ? બોલો ? (હું ને મારું)...**''देहादौ मोहजं त्यजेत् ।''** કે 'દેહની અંદરથી હું ને મારું છોડવું' તો તમે નિત્ય છો. જયારે શરીર અનિત્ય છે. શરીર શું છે ? બોલો ? એટલે શરીર તમે નથી કેમ કે શરીર અનિત્ય છે ને આત્મા નિત્ય છે

એટલે 'હું આત્મા નિત્ય આત્મા છું' તો શરીરની અંદરથી અહંપણું જાય અને શરીર મારું પણ નથી કે નિત્ય પરમાત્મા મારા છે. કેમ કે હું નિત્ય પરમાત્મામાંથી આવેલો છું. એટલે નિત્ય આત્મા છું. તો નિત્ય આત્મા છું એ પેલું લક્ષણ. પેલા **'નિત્યઃ'** પછી **''શુદ્ધ''** કેવો આત્મા છે ? બોલો ? શરીર મેલું થાય, બુદ્ધિ મેલી થાય, મન મેલું થાય, ઈન્દ્રિઓમાં વિકાર આવે પણ આત્મામાં કોઈ વિકાર આવતો નથી.

**''શુદ્ધોસિ બુદ્ધોસિ નિરંજનોસિ,**
**સંસાર માયા પરિવર્જી તોસિ ।**
**સંસાર સ્વપ્નમ્ ત્યજ મોહ નિદ્રા**
**મદાલસા વાક્યમુવાચપુત્રમ્ ।।''**

મદાલસાએ પુત્રને સમજાવતા કહ્યું 'તું શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવ છો આ સંસાર તો સપના જેવો છે.' સપનામાં આવ્યું હોય એ કાંઈ સાચું ન હોય. એમ તમને હરખ-શોક જે કાંઈ થયો એ ખોટો છે સાચો નથી. સાચા તો એક જ પરમાત્મા છે.

**''ब्रह्म सत्यं जगत मिथ्या जिवो ब्रह्मैव ना पर: ।''**

એટલા માટે આત્મા બધાનો શુદ્ધ છે અને શરીર શું છે ? બોલો ? અશુદ્ધ. એટલે "હું અશુદ્ધ શરીર નથી પણ હું શુધ્ધાત્મા છું" એમ શીખવાનું. રહ્યું યાદ ? બોલો છોકરા ? શું શીખવાનું ? "હું શુદ્ધ આત્મા છું અશુદ્ધ શરીર નથી." શરીર અશુદ્ધ છે કેમ કે શરીરને કેટલી વાર નવરાવવું પડે ? બોલો ? એને ચોખ્ખું કરવું પડે પોષવું પડે પરસેવો આવી જાય બીજા અનેક પ્રકારના વિકારો... જયારે આત્મામાં કોઈ વિકાર આવતો નથી. એટલા માટે અશુદ્ધ શરીર હું નથી પણ 'હું શુધ્ધ આત્મા છું.' એટલા માટે રોજ શુધ્ધ ભાવના કરવી.

**''શુદ્ધ બુદ્ધ નીજ રૂપ નિહાળી,**
**અખંડ આનંદ અનુભવતો જા,**
**આવ્યો છે તું આ સંસારે,**
**જન્મ સફળ તું કરતો જા.''**

કે શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવ આત્માનો છે. એ આત્માનું બીજું લક્ષણ બતાવ્યું 'શુદ્ધ છે.' ત્રીજું લક્ષણ 'અવ્યય' કેવું બોલો ? અવ્યય. અવ્યય એટલે વધે નહીં ને ઘટેય નહિ. જેને માટે બતાવ્યું કે આત્મા કોઈ દિ' વધતો નથી ને ઘટતો નથી. તો આ રીતે જો એનો અભ્યાસ કરો તો હરખ-શોક દૂર થઈ જાય. આત્મા નિત્ય છે એમ સમજાય તો ભય (મરવાનો) મટી જાય. આત્મા શુદ્ધ છે એમ સમજાય તો મારે હું મલિન થઈ ગયો મને પાપ થયું ને મને આ થયું એ મટી જાય. એટલા માટે આત્મા નિત્ય છે એમ માનો, આત્મા શુદ્ધ છે એમ સમજવું. પછી આત્મા અવ્યય છે. અવ્યય એટલે વધે નહિ ને ઘટે નહિ. **'न अव्ययं' ''सदृश्यंति षु कालेषु''** ત્રણે કાળમાં એક સરખો રહે ત્રણે લીંગમાં એક સરખો હોય. પુરુષ હોય સ્ત્રી હોય કે નપુંસક હોય પણ આત્મા તો ત્રણેયમાં શું હોય ? બોલો ? સરખો. એમ નહિ કે પુરુષનો આત્મા જુદો હોય ને સ્ત્રીનો આત્મા જુદો હોય ને નપુંસકનો જુદો હોય. આત્મા તો બધાનો એક હોય. આકાશ રસોડામાં હોય મંદિરમાં હોય લેટ્રીનમાં હોય પણ આકાશ શું હોય ? બોલો ? બધે એક સરખું આકાશ હોય. એમ આત્મા એક જ છે ને બધાની અંદર એ જ વ્યાપી રહેલો શુધ્ધ છે.

**અખિલ બ્રહ્માંડમાં એક તુ આત્મા,**
**જૂજવે રૂપે અનંત ભાસે.**
(નરસિંહ મહેતા)

**एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थित: ।**
**एकधा बहुधा चैव द्रश्यते जलचन्द्रवत् ॥**
(બ્રહ્મ બિન્દુ ઉપનિષદ્)

**(૪) एक :-**

એટલા માટે હવે આત્માનું ચોથું લક્ષણ કહે છે કે 'એક'. આત્માનું ચોથું લક્ષણ શું ? બોલો ?...શરીર કેટલા છે ? અનેક છે. તો શરીર હું નથી. જે એક હોય એ હું છું એટલે બધામાં વ્યાપી રહેલું એક તત્ત્વ હું છું. આ આવવા જવા વાળું નોખુ તત્ત્વ હું નથી. એ અભ્યાસ કરવો. તો પછી તમે બધે છો કે નહિ ? બોલો ? હવે, મેં અહીં યાત્રા કરી ને અહીં નો કરી એ ભ્રાંતિ હવે શું કરી નાખવાની ? બોલો ? (કાઢી નાખવાની) હું તો બધે હાજરા-હાજુર છું. શરીર કોઈ સ્થાનમાં ગયું કે ભલે નો ગયું આત્મા તો બધે છે છે ને છે. એટલે જો આત્મા બનોને તો આખા વિશ્વમાં તમે વ્યાપી જાવ. એટલે સ્વર્ગમાં કે આકાશમાં કે પાતાળમાં કે બ્રહ્મલોકમાં જેટલા લોક આ દુનિયામાં છે એમાં તમે વ્યાપક રહેલા છો. એટલા માટે હું આત્મા એક છું એવો અભ્યાસ એ ચોથું લક્ષણ આત્માનું પાંચમું લક્ષણ છે.

**(૫) ક્ષેત્રજ્ઞ :–**

કયું ? બોલો ? ક્ષેત્રજ્ઞ. ક્ષેત્રજ્ઞ એટલે શરીરને જાણવાવાળો જે હોય એ આત્મા છે. એટલે શરીર હું નથી. કેમ કે એ જ્ઞાતા છે ને શરીર જ્ઞેય છે. જ્ઞાતા જે આત્મા એ હું છું ને હોય શરીર હું નથી. તો ખાસ કરીને શરીરમાંથી હું ને મારું કાઢતું જવાનું. શું કાઢતું જવાનું ? બોલો ?...શરીર હું નથીને શરીર મારું નથી. એવો વારંવાર અભ્યાસ કરો તો તમે મુક્ત છો. બોલો, શરીર હું ય નહીં ને શરીર મારું ય નહીં, તો કયું દુઃખ આવે તમારી પાસે ? કયું પુણ્ય-પાપ રહ્યું ? બધામાંથી તમે મુક્ત...એટલે આત્માનું પાંચમુ લક્ષણ ક્ષેત્રજ્ઞ અને છઠ્ઠું લક્ષણ.

**(૬) આશ્રય :–**

આશ્રય એટલે શરીરનો આધાર આત્મા છે. આત્મા શરીરમાં નહીં રહે તો પણ શરીર આત્મામાં રહે છે. આપણે દુનિયામાં તો શું બોલીએ છીએ ? બોલો ? 'આત્મા શરીરમાં છે.' એમ બોલીએ છીએને બોલો ? પણ શરીર મોટું છે આત્મા મોટો ?...(આત્મા) શરીર પેલું હોય કે આત્મા પેલો હોય ? આત્મા પેલો છે એટલે એને આધારે શરીર રહેલું છે. એટલે આત્મા ન હોય ત્યારે શરીર રે'તું (એટલે હાલતું, ચાલતું, બોલતું) શું થઈ જાય ? બોલો ? બંધ થઈ જાય યા તો એનો સંબંધ તૂટી જાય તોય બંધ થઈ જાય. જેમ લાઈટ અને પાવર પંખો ચાલતો હોય ને જો વાયક છૂટા પડી જાય તો શું થઈ જાય ? બોલો ? (પંખો ફરતો) બંધ થઈ જાય. છુપો સબંધ એને લઈ એટલે એને આધારે કહેવાય કે જેમ લાઈટને આધારે પંખો ચાલે છે કાંઈ પંખાને આધારે લાઈટ નથી. પંખો ન હોય તોય લાઈટ (પાવર) તો વાયરમાં રે'વાની રે'વાની ને રે'વાની. લાઈટ ન હોય તો પંખો ચાલતો શું થઈ જાય ? બોલો ? બંધ થઈ જાય. એમ આત્મા ન હોય તો શરીર ચાલતું બંધ થઈ જાય એટલા માટે હું શરીરને આધારે છું એ ભ્રાંતિમાં ન પડવું પણ હું તો શરીરનો આધાર છું. શરીરને રહેવું હોય તો રહે ને જાવું હોય તો જાય. એટલે હું શરીર નથી શરીર મારું નથી. પછી આત્માનું સાતમું લક્ષણ છે.

**(૭) અવિક્રિય :–**

આત્મા વિકાર રહિત છે. આત્મા કર્તા રહિત છે. આત્મામાં કર્તૃત્વ નથી. એટલે હું કર્તા છું એવી ભ્રાંતિમાં ન પડવું. હું અકર્તા છું એમ સમજવું.

**હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,**
**શકટનો ભાર જેમ શ્વાન તાણે.**

(નરસિંહ મહેતા)

**''પ્રકૃતેઃ ક્રિયમાણાનિ, ગુણૈઃ કર્માણિ સર્વશઃ,**
**અહંકાર વિમૂઢાત્મા, કર્તાહમિતિ મન્યતે.''**

(ગીતા-અ-૩-૨૭)

મૂઢ જીવો હું કર્તા છું એમ સમજે છે. પ્રકૃતિના ત્રણ ગુણોથી બધા કામો થાય છે. નરસિંહ મહેતાએ કહ્યું-

**જો કર્યું થાય આ જીવનું જગતમાં,**
**રંક મટી બધા રાજા થાયે.**

તો જો જીવનું ધાર્યું થતું હોય તો જીવ ધારે એ કરી શકે. ડોક્ટર હોય એ એન્જિન્યરનું કામ કેમ કરી શકતો નથી. ને એન્જિન્યર હોય એ ડોક્ટરનું કામ કેમ કરી શકતો નથી કે પ્રકૃતિ બની નથી. શું નથી બની ? બોલો ?....એટલે જેવી પ્રકૃતિ એવા કામ થાય. પુરુષ ગર્ભ કેમ ધારણ કરી શકતો નથી ? તાકાત હોય મોટો પહેલવાન હોય તોય કેમ કરી શકતો નથી. એનામાં એ ગર્ભ ધારણ કરવાની પ્રકૃતિ નથી. તો પ્રકૃતિથી કામ થાય છે. મનુષ્ય અહંકાર કરે હું કરું જો તમે કરતાં હોવ તો તમે ગર્ભ ધારણ કરી જોવો. એટલે કોઈનાથી થતું નથી. જે પ્રકૃતિમાં હોય તે થાય છે. સાત્ત્વિક પ્રકૃતિ વાળાથી સાત્વીક કામ થાય. રાજસિક પ્રકૃતિવાળાથી રાજસિક કામ થાય. તામસિક પ્રકૃતિવાળાથી તામસિક કામ થાય. કોઈ શેઠ હોયને (એને) આખો દિવસ હાંકી જોવો તો નહીં ચાલે ને કોઈ ભરવાડને આખો દી' બેસાડી જોવો તો બેસશે ?...કેમ કે એને બેસવાનું નો ગમે. આખો દિવસ ઊભા રે'ને હાલવાનું કે' તો હાલ્યા કરે એની હાલવાની ને ઊભું રે'વાની પ્રકૃતિ થઈ ગઈ અને શેઠને બેઠા રહેવાની શું થઈ ગઈ. બોલો ? પ્રકૃતિ એટલે બેસવાનું કામ કરી શકે. ઘણાંય મહાત્માને કહે કે તમે ત્રણ ત્રણ કલાક કેમ બેસી શકો ? અમારી બેસવાની પ્રકૃતિ થઈ ગઈ બીજું તો શું ? જેનો જેવો સ્વભાવ થઈ જાયને એવું કામ થાય. એટલે મેં કર્યું એ અહંકાર ખોટો છે. પ્રકૃતિથી થયું. શેનાથી થયું ? બોલો ?...તો શરીર તમે છો કે આત્મા તમે છો ?...એટલે જો શરીરને હું માનતા હોવને તો તમે ખોટું માનો છો. એટલે કહે છે પ્રકૃતિ કરે છે. તમે કર્તા નથી. તો આત્માનું સાતમું લક્ષણ યાદ રહ્યું ? બોલો ? અવિક્રિય. આઠમું લક્ષણ છે.

**ક્રમશ...**

વી. ડી. પટેલ
(અધેવાડા)

## અખંડજીવન જ્યોત-પદયાત્રા તા.૧૮-૨-૨૦૧૬ ને અંજવાળી એકાદશી ગુરૂવાર
## (ભાવનગર થી પરમ પવિત્ર અખંડધામ પીપળીયા)

શ્રી માધવાનંદ પરિવારની ધર્મ શ્રધ્યેય પરમ પવિત્ર ધર્મપ્રચાર પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમશ્રધ્યેય પરમ પૂજ્ય અન્નત શ્રી વિભુષિત શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીના સંસ્મરણો અર્થે માધવ-પિઠાધીશ્વર પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીના આજ્ઞાંકીત આર્શિવચનથી પદયાત્રાનું એક સુંદર આયોજન કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

"અખંડધામ" પિપળીયા અતિમ્ય છે જેનો મહિમા અપરમપાર છે જેના પરમપવિત્ર વાતાવરણમાં સ્વામીશ્રીની યાદો છુપાયેલી છે. એમની યાદો તાજી થાય એ સ્વાભાવિક છે. ગુરૂવર્યના પરમ પવિત્ર જન્મ-સ્થળનું વર્ણન કરવું તે મારા માટે અશક્ય છે. તેમનું શબ્દો દ્વારા કે વાક્યો દ્વારા કઈ રીતે વર્ણન કરવું તે જ સમજાતું નથી. એવા અતિસુંદર પવિત્રધામે જવા યાત્રામાં જોડાયેલા સર્વ સેવકો વતી ગુરૂવર્યને કોટી કોટી હૃદયપૂર્વક વી. ડી. પટેલના પ્રણામ.

મહામહીનાની અંજવાળી એકાદશીના દિવસને ધ્યાનમાં રાખીને ભાવનગરના સમગ્ર ભક્તવૃંદના હૈયા હર્ષથી ઉમંગનો અનુભવ કરતા હતા આ દિવસે આયોજકો સંપૂર્ણ રીતે તન-મનથી મહેનત કરતા હતા પ્રસંગની તૈયારીના રૂપે સુંદર આયોજન મહત્ત્વપૂર્ણ તૈયારી સદ્‌ગુરૂજી મહારાજના મંદિરની હતી. ટ્રેક્ટરના ટ્રેલરમાં અતિસુંદર રીતે સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી અને ગુરૂવર્યની મૂર્તિ પ્રતિમાઓ સર્વે ભક્તોને આર્શિવાદ આપતા હોય તેવા ભાવથી બિરાજમાન કરવામાં આવ્યા હતા. ગુરૂજી મહારાજનો જય જય કાર કરવા માટે ડી. જે. સીસ્ટમના લાઉડ સ્પીકરની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી અને ભાવનગરથી પીપળીયા ધામ સુધી ભજનો કીર્તનોની રમઝટ બોલી હતી અને માહોલ ભક્તિમય વ્યાપી ગયો હતો. વડીલોના આરામની વ્યવસ્થા અનુસાર ત્રણથી ચાર ટ્રેક્ટર અને ઘણી બધી મોટરોની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. પાણી અને એનર્જીડ્રીંક્સ તેમજ ડોક્ટરી સારવાર અર્થે ડોકટર અને દવાની વ્યવસ્થા સાથે ભાવેણાના ભક્તવૃંદની સાથે સાથે આજુબાજુના ગામ જેવા કે સિદસર, અધેવાડા, તરસમીયા તેમજ બહારગામ સુરત મુંબઈ જેવા શહેરોથી પણ ભક્તો પધાર્યા હતા અને સચ્ચિદાનંદ માધવાનંદના જય જય કાર સાથે યાત્રાનો પ્રારંભ થયો હતો.

એકાદશીના રાત્રે ૨.૩૦ કલાકે વહેલા યાત્રા ભાવનગર મુકામે શ્રી માધવાનંદ આશ્રમથી ગુરૂજી મહારાજશ્રીના આર્શિવચન અને એની કૃપાથી અને પૂજ્ય બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્યજીની ઉપસ્થિતી સાથે યાત્રાનો પ્રારંભ થયો હતો.

સર્વ યાત્રીઓના મનમાં ઉમંગ સમાતો નથી એક પછી એક લાઈનબધ્ધ રાત્રીના બ્રહ્મમૂહુર્તના ઉત્તમ સમયે અતિશિતળરમ્ય આહલાસ્ક શાંત વાતારવરણમાં ભક્તવૃંદ સચ્ચિદાનંદ માધવાનંદના સ્મરણ સાથે આગળ ચાલી રહીયા હતા. ૧૨ કિ.મી. ચાલ્યા પછીનો પહેલો પડાવ લગભગ વહેલી સવારે નાની ખોડીયાર માતાજીના મંદિર નજીક નવાગામના આવડકૃપા ઈન્ડસ્ટ્રીઝમાં રાખવામાં આવ્યો હતો ત્યાં ચા, પાણી, હળવા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ યાત્રા સર્વયાત્રીઓ સાથે આગળ ચાલીને ૫ કિ.મી. શિહોર મુકામે પહોંચી હતી અને બીજા પડાવ દરમિયાન યાત્રીઓ થોડો આરામ કરી ચા-પાણી ફૂલ નાસ્તો કરી વ્યવસ્થાથી સંતુષ્ટ થઈ આગળ વધી હતી. રસ્તામાં આવતા ગામોથી, શિહોરથી પણ ઘણા ભક્તો યાત્રામાં જોડાયા હતા તેમજ ઓધવજીભાઈ તેમનું પરિવાર મનજીકાકા તેમજ ગણેશભાઈ વગેરે મહાનુભાવો પણ શિહોરથી યાત્રામાં જોડાયા હતા ત્યાંથી યાત્રા આગળ ઉસરડ ગામ મુકામે પહોંચી એ પહેલા તો પીપળીયાથી ૫ કિ.મી. સામે ચાલીને પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ પધાર્યા હતા અને બધા ભક્ત યાત્રાળુને પ્રસાદ રૂપે બોર આપ્યા હતા અને એમની સામેથી ઉપસ્થિતી જોઈને યાત્રા દરમિયાન થાકેલા યાત્રીઓમાં

જોમ આવી ગયું હતુ. યાત્રા ઉસરડ થી પીપળીયા પૂજ્યશ્રી સ્વામીજીના સંગે પ્રયાણ કર્યુ હતું. યાત્રા પીપળીયા ધામના પાદરમાં પહોચતા જ પીપળીયાના સેવક સમુદાયે પદયાત્રીનું ધામધુમથી ઢોલ નગારા સાથે સામૈયા કર્યા હતા. ધર્મના માધ્યમથી પીપળીયા ધામના લોકોમાં પણ ઉમંગ ઉભરાય આવ્યો હતો. ત્યારબાદ ગરબાની રમઝટ કરી હતી. અને છોકરાઓએ પાદરમાં ફટાકડાની આતશબાજી કરી હતી. ત્યારબાદ બધા જ સેવક સમુદાય સાથે ગુરૂવર્ય જન્મ સ્થળ એવા "અખંડ જીવન જ્યોત" મંદિરે પહોંચ્યા ગુરૂજી મહારાજશ્રીની આ જન્મ સ્થળ આ ધરાના પવિત્ર પાવન સ્થળના દર્શનથી અને પોતપોતાના આત્માના કલ્યાણ અર્થે તેમજ ગુરૂજીના દર્શન અર્થે ભાવનગરથી ચાલીને પિપળીયા ધામ સુધીની પાવન યાત્રા કરીને ગુરૂજીના દર્શનાર્થે સર્વ સેવક સમુદાય ધન્યતા અનુભવી રહીયું હતું. સ્વામીજીની ઉપસ્થિતીમાં સાચપરા પરિવારે ગુરૂજીવર્યનું ગુરૂપૂજન કર્યુ હતું અને ત્યારબાદ એક મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૭૫૦-૮૦૦ સેવક સમુદાયે અગરબત્તીની અગ્નિની સાક્ષી સમુહ મહાઆરતી ઉતારી હતી.

ત્યારબાદ શ્રી માધવાનંદ આશ્રમે બધા જ સેવક સમુદાયે પરમ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીની વાણીનો ઉત્તમલાભ પ્રાપ્ત કર્યો હતો અને એમના આર્શિવચનો લીધા બાદ બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજશ્રીના પ્રવચનનો પણ લાભ પ્રાપ્ત કર્યો ત્યારબાદ સર્વે ભાવિક પદયાત્રીઓને અંતઃકરણના આર્શિવચનો આપ્યા હતા.

વિરલા સ્વામીજીએ પીપળીયા ગામના જે લોકોએ "અખંડ જીવન જ્યોત" મંદિર નિર્માણ કાર્યના અર્થે શ્રમયજ્ઞનું યોગદાન કર્યુ હતું. તેઓશ્રીને સ્વામીજી મહારાજે પ્રસાદરૂપે માળા અને ગુરૂ પરંપરાની સ્મૃતીરૂપે સ્મૃતિફોટા આપીને સન્માનીત કર્યા હતા. ગુરૂજીના આ જન્મ સ્થળ મંદિરના નિર્માણ અર્થે કાર્ય કર્યુ એવા સાચપરા પરિવાર વતી મારા મોટાભાઈ વિઠ્ઠલભાઈ તથા મને અમને બંને ભાઈને શાલ ઓઢાડને સન્માનીત કર્યા અને પૂજ્યશ્રી સ્વામીજીના આર્શિવાદ પ્રાપ્ત કર્યા સ્વામીજીએ દરેક સેવક ભાઈ બહેનોને તથા ઉપસ્થિત સર્વે ભક્તોને પ્રસાદ લઈને જ જવાનું એવી નમ્ર અરજ કરી.

આયોજકો એ જે પદયાત્રામાં જોડાયા અને એમનો કિંમતી સમય ફાળવ્યો તથા યાત્રા દરમિયાન સહકાર અને સેવા કરવા બદલ સર્વે સેવક સમુદાય ભાઈઓનો આભાર વ્યક્ત કરૂં છું અને સર્વે સાચપરા પરિવાર વતી વી. ડી. પટેલના જય સચ્ચિદાનંદ...

**॥ શ્રધ્ધાંજલી ॥**

નાના સુરકા ગામના સ્વ. કુરજીભાઈ ખોડાભાઈ વાઘાણી (ઉમર વર્ષ ૭૫) સંવત ૨૦૭૨ મહા વદ ૬ ને તા. ૨૯/૦૨/૨૦૧૬ ને સોમવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

## કિર્તન

**રજુ. મધુબેન પ્રવીણભાઈ ધામેલીયા (નવા નાવડા)**

**(રાગ :- હરિનો મારગ છે શુરાનો નહી કાયરનું કામ જોને)**

સત્ય નહિ તે ધર્મ જ શાનો, દયા વિના શું દામ જોને,
મન વશ નહિ તે તપ શાનું, શીલ વિના શું સ્નાન જોને,
ભાવ વિના તો ભક્તિશાની, ભક્તિ વીના શું જ્ઞાન જોને,
પ્રીતિ હોય તો પડદો શાનો, ધૈર્ય વિના શું ધ્યાન જોને,
સદ્ગુણ નહિ તે સાધુ શાનો, તૃષ્ણા ત્યાં શું ત્યાગ જોને,
જ્ઞાન વિના તે ગુરૂજન શાનો, કંઠ વિના શો રાગ જોને,
ભ્રાંતિ રહી તે અનુભવ શાનો, સાચી ન મળે શોધ જોને,
ધરમ બ્રહ્મની કથા ન જાણે, તેને શાનો બોધ જોને,
પ્રતાપ નહિ તે પ્રભુતા શાની,સિધ્ધી વિના શો રિધ્ધી જોને,
દૈવત નહિ તે દેવ જ શાનો, રાક પણે શી રિધ્ધી જોને,
વિનય વિના તે વિદ્યા શાની, દામ વિના શું દાન જોને,
નીર વિના તે નવાણ શાનું, ધણી વિના શું ધામ જોને,
કહ્યું કહે તે કવિજન શાનો, શૌર્ય વિના શું શૂરો જોને,
સાચ જૂઠનો કરે નિવેડો, તે તો પંડિત પૂરો જોને,
સર્વગામિની સતી ન કહીયે, લક્ષવીના શી ટેક જોને,
સાચ જૂઠની કિંમત ન કરે, છળમાં પાડયા છેદ જોને,
સાચા પ્રભુને જે નવ શોધે, તે નર કહીએ કાચા જોને,
કહે છોટમ નિર્ધાર કરી લે, વેદ તણી એ વાચા જોને,

## સાચું અજવાળું

રમીલાબેન ગોરધનભાઈ ગાબાણી
(પીપળીયા)

હે ઈશ્વર અમે અંધારી ગુફામાં પડયા છીએ આ ઘોર અંધકારમાં અનેક ખાઈ જનારા રાક્ષસો અમને સતાવી રહ્યા છે. આ અંધકારનો નાશ કરીને અમને પ્રકાશનું દાન આપો જેનાથી આ શત્રુઓથી અમારો છુટકારો થાય આ મંત્રમાં ઈશ્વરને સાધારણ અંધકાર દૂર કરવા માટે પ્રાર્થના કરવામાં આવી નથી. જે એક દીપક સળગાવવાથી અથવા વીજળીનું બટન દબાવવાથી દૂર કરી શકાય છે. અહીં તાત્પર્ય અજ્ઞાનના અંધકાર સાથે છે. આપણે ચારબાજુથી આ અજ્ઞાનમાં ઘેરાયેલ છીએ એમાં કામ ક્રોધ લોભ મોહ સ્વાર્થ વગેરે આપણા આત્માને પતનથી ખાડીમાં નાખવા માટે પ્રયત્નશીલ હોય છે. આપણે પોતાનું કે સંસારનું ભલુ કરી શકતા નથી. ભગવાને આપણા પાછલા જન્મના પુણ્યકર્મોના ફળ સ્વરૂપે આપણને આ મનુષ્ય શરીર આપ્યું **બડે ભાગ માનુ જ તન પાવા** અને આ શરીર એટલે આપ્યું કે પ્રભુએ આ સંસારરૂપી સુંદર બગીચો બનાવ્યો છે. તેમાં આપણે માળીની માફક તેને વધું સુંદર બનાવીએ. પરંતુ અજ્ઞાન-વશ આપણે તેના તરફ જોવા જ ઈચ્છતા નથી અને પોતાના નીચ અને કનિષ્ઠ સ્વાર્થોની પૂર્તિમાં જ લાગ્યા રહીએ છીએ દરેક વખતે લોભ, મોહ અને કામની પૂર્તિ કરવા તાણા વાણ બનાવીએ છીએ અને તેમાં અડચણ આવતાં ક્રોધ કરીએ છીએ. પુત્રૈષણ લોકૈષણા અને વિત્તેષણાના સિવાય બીજું કાંઈ દેખાતું નથી. સંસારમાં જે કાંઈ છે. તે બધુ અમને મળવું જોઈએ. બીજા ભૂખ્યા મરે તેની અમને કોઈ ચિંતા નથી. સ્વાર્થપૂર્તિને માટે આપણે આંધળા થઈએ છીએ. આપણી ચારેબાજુ એટલી ઊંચી દિવાલ ઊભી કરીએ છીએ કે પરમાત્માનો દિવ્ય પ્રકાશ આપણા સુધી પહોંચી શકતો નથી. આપણો આત્મા પંચકોશોની અંધારી ગુફામાં પડયો પડયો બરાડા પાડે છે અને આપણને તેનો અવાજ સંભળાતો નથી તે દિવ્યા પ્રકાશની જરૂરિયાત છે. જેનાથી આપણે આપણા આત્માને જોઈ શકીએ તેનો અવાજ સાંભળી શકીએ અને આત્મા તથા પરમાત્માના મિલનના દિવ્ય આલોકને ચારેબાજુ ફેલાવી શકીએ આત્મા જ્યોતિના પ્રકાશની આગળ હજારો સૂર્યની જ્યોતિ પણ ફીક્કી પડી જાય છે. તમસોમાં જયોર્તિગમય. અસતોમા સદ્‌ગમય અજ્ઞાનનું અંધારું જતું રહેતાં સત્યની જ્યોતિ અમારા જીવનને પ્રકાશિત કરે છે. મૃત્યોર્મા અમૃતમ્ ગમય આપણે મૃત્યુથી અમરતાની તરફ આગળ વધીએ. સત્યજ્ઞાનની પ્રાપ્તિ થવાથી જ માર્ગમાં અવરોધ ઉત્પન્ન કરનારા રાક્ષસોને ઓળખવા શક્ય બને છે. ત્યારે ખબર પડે છે. કે જેને આપણે પોતાના હિતેચ્છુ સમજીએ છીએ તેઓ આપણી ઘોર ખોદતા રહે છે. અને જેણે શત્રુ સમજતા હતા તેઓ જ ખરામિત્ર છે. ભારતીય જીવન પદ્ધતિનો આ સાર છે. ભારતીય શાસ્ત્ર અને વિદ્યાનું આજ લક્ષ્ય અંતઃકરણમાં પરમ જ્ઞાનને પ્રગટાવીને તેના પ્રકાશથી સંપૂર્ણ જીવનભર માર્ગદર્શન મળતું રહે એવી અહીંની પૂરી વ્યવસ્થા છે. ચિત્તમાં જ્ઞાનનો ઉદય થવાથી સમસ્ત કર્મ તે પ્રમાણે અને તેને અનુરૂપ થાય છે અને માનવી સરળતાથી આત્મો-ન્નતિના માર્ગ ઉપર આગળ વધે છે. અજ્ઞાનનું અંધારું દૂર થતા જ જીવન લક્ષ્યની પ્રાપ્તિ શક્ય બની શકે છે.

## કીર્તન

મધુબેન પી. ભીકડીયા
(ઉખરલા)

એક છે એક છે એક છે રે,
આ આત્મા સર્વનો એક છે,
પાંચ તત્ત્વનાં ઘાટ ઘડાયા,
નામને રૂપમાં ફેર છે...આ આત્મા...
હું પદ રૂપી માયા બનાવી,
મારા તારા મા ભેદ છે રે...આ આત્મા...
જાતને ભાત કાંઈ નથી રે જીવની,
કર્મ કરીને બનેલ છે રે...આ આત્મા...
ચાંણોદ ગામ છે મોટુ એક ધામ છે,
અખંડ જ્યોતિનો પ્રકાશ છે...આ આત્મા...
સરળ જ્ઞાનને સાદી ભાષામાં,
વેદ વેદાંતને ગાય છે રે...આ આત્મા...
મનુષ્ય અવતારમાં મુક્તિ પદ મોંઘુ,
સહેજે સહેજે પમાય છે રે...આ આત્મા...
કર્મ રે કાંડની પસાત મેલી,
સત્ય વચન ઓળખાય છે રે...આ આત્મા...
આત્માને ઓળખો મહાસુખ ઉપજે,
ગાન્ય ગુરૂ થકી ઓળખાય છે રે...આ આત્મા...
ગુરૂ જગદીશાનંદના પ્રતાપે,
ગુણ અખંડ આનંદ ગવાય છે રે...આ આત્મા...

## ॐ સચ્ચિદાનંદાય નમઃ

રણછોડભાઈ સાચપરા
(અઘેવાડા)

ગુરૂદ્રોણાચાર્ય જે આખા જગતને જીતી શકે તેવી શક્તિનું જ્ઞાન ધરાવતા હતા. બ્રહ્માસ્ત્રનું પણ જ્ઞાન ધરાવતા હતા જે શસ્ત્રથી આખા બ્રહ્માંડનો નાશ કરી શકે. આવા મહાપુરૂષને પણ જ્ઞાન હોવા છતાં અધર્મની સાથે મહાભારતના યુધ્ધમાં હણાવું પડયું હતું. તેનું કારણ એક જ હતું તેણે અધર્મીનું અન્ન ખાધુ હતું એટલે અધર્મ સાથે ઊભા હતા. મહાપુરુષ બ્રહ્મનિષ્ઠ હતા છતાં તેણે ધર્મનું પાલન કર્યુ જયારે દ્રોપદીનાં ચીર ખેચાતા હતા ત્યારે ગુરૂ કૃપાચાર્ય, ગુરૂદ્રોણ તથા ભીષ્મપિતા આવા ધર્માત્માઓની હાજરીમાં કપટ રમાતું હતુ છતાં તેનો અધિકાર તેણે પાળ્યો ન હતો. અધિકાર હતો તે સભામાં આદેશ કરી શકતા હતા તો તે કશું બોલ્યા વગર ચૂપ-ચાપ જોયા કરતા તો તે સમયે વિદુર પણ હતા વિદુરે તેનો વિરોધ કર્યો તે રાજ છોડીને જતા પણ રહ્યા તે વિદુર શ્રીકૃષ્ણને પણ તેના ઘરની ભાજી ખાવા જવું પડયું. વિદુર યુધ્ધમાંથી બાકાત રહ્યા હતા. તો આ મહાપુરુષ પણ અધિકાર ભોગવી શકતા હતા. તેનો અધિકાર મળેલ હતો તે પણ બચાવી શકતા હતા. જે અધિકાર જે મળે છે. ત્યારે ખોટું થતું ના અટકાવે તેને પણ ભોગવવું પડે છે. ભલેને તે બ્રહ્મનિષ્ઠ મહાત્મા હોય કે રાજવી પુરુષનું અન્ન ખાતા મહાત્માને પણ ભોગવવું પડે છે. જે પુરૂષાર્થ કરીને ભોજન કરાવતા હોય તેવું ભોજન સાત્વીક કહેવાય છે. મહેનત કરીને ધન કમાયેલ હોય છે. આ મહાપુરુષને મુક્તિનો માર્ગ મળે છે. બીજાને મુક્તિ અપાવી શકે છે. તો જયારે પણ અધિકાર મળે ત્યારે જે પુરુષ પોતાનો અધિકાર છે. છતાં ખોટું થતું અટકાવતા નથી. આવા પુરુષની પણ મુક્તિ થતી નથી. અધિકાર પાયામાંથી હોવો જોઈએ. પહેલા તો પોતે જે ક્ષેત્રમાં હોય તેમાં તેને અધિકારને પાળવો જોઈએ. ગુરૂદ્રોણ સદ્‌ગુરૂ થઈ શકતા હતા. પણ તે સદ્‌ગુરૂ ન થયા અને કેવલ ગુરુ થયા જો સદ્‌ગુરુ થયા હોત તો તેને યુધ્ધમાં મરવું ના પડે. સદ્‌ગુરુને સત્યનું પાલન કરવાનું હોય છે. તેને જે સદ્‌ગુરૂ કહેવાય છે. બીજા બધા જ ગુરૂ બને છે. અને બીજાને બનાવ્યા કરે છે. તેવા ગુરૂનું શું કહેવું.

સાખી :- ઉજ્જવળ બસ્તર ચિર જૂટા એક ચિત શું ધ્યાન. ફૂકફૂક પગ ઉઠે ઘરે તામે કપટ નિદાન એવા વ્યક્તિ જો ઉજળા વસ્ત્ર ધારણ કરે છે અને શિર પર જય રાખે છે. અથવા મુડન કરે છે. એક ચિત્તથી ધ્યાનના દેખાવ કરે છે. ફૂકી ફૂકીને વિચીત્ર તરીકાથી ચાલે છે. તે અત્યંત કપટી હોય છે. એવા દુષ્ટ વ્યક્તિ સાધુના વેશ ધારણ કરીને સંસારના લોકોને એવા પ્રકારે ધોખા દેતા હોય છે. જેવી રીતે સફેદ રંગ બગલા મોકો મળતા જ માછલીના શિકાર કરી લેતા હોય છે. અર્થાત કેવલ વેશભૂષા અને ચાલ-ચલગત જોઈને કોઈ વ્યક્તિ પર વિશ્વાસ નહી કરવો જોઈએ.

## કીર્તન

શોભના એ. દિયોરા
(ચમારડી)

ઘોર અંધારી રે, રાતલડીમાં સપના આવ્યા ચાર...

પેલે સપને રે, દીઠા મેતો આકરૂના આશ્રમ
આકરૂ આશ્રમમાં રે ! વસતા પ્રગટ માધવાનંદજી મહારાજ,
આવશું આવશું રે સમાધીના પ્રગટ દર્શન કરવા કાજ,
જમશું જમશું રે પ્રસાદ ગુરૂનો ભાવ તણો ભગવાન.

બીજા સપને રે દીઠા મેતો ચાણેદના આશ્રમ,
ચાણોદ આશ્રમમાં રે ! વસતા પ્રગટ સદ્‌ગુરૂ ભગવાન,
જાત્રા કરશુ રે ચાણોદ ધામની દર્શન કરવા કાજ,
નાશું નાશું રે નર્મદા નમશું વારંવાર.

ત્રીજો સપને રે દીઠા મેતો સંત તણા સમુદાય,
દર્શન કરતા રે પાપ ધોવાતા, આનંદનો નહિ પાર,
ડગલે ડગલે રે દર્શન જાતા યજ્ઞ તણા ફળ થાય,
મોક્ષ સાધનનો રે અનુભવ કરતા આનંદ આનંદ થાય.

ચોથે સપને રે દિઠા મેતો તત્ત્વ તણે આધાર,
સૌ માં એક જ રે વસતા પ્રગટ જગદીશાનંદજી મહારાજ,
સત્-ચિત્-આનંદ રે અનુભવ કરતા આનંદ ઉત્સવ થાય,
સબઘટ વ્યાપક રે દર્શન કરતા વિયોગ રહેશે દૂર.

ઘોર અંધારી રે, રાતલડીમાં સપના આવ્યા ચાર...

## ❋ સંસ્કારોનું મૂલ્ય

હંસાબેન બી. ચોગઠ

જયશ્રી સચ્ચિદાનંદ ચાલો આપણે સંસ્કારોના મૂલ્ય વિશે જાણીયે જોયુ કે માણસ મકાન બનાવે છે અને સારા સારા મનના મનો રથો ઊભા કરે ને આને આમ કરીને આમ કરીશ પેલા આમા આ કરીશ પણ મકાન (ઘર) કેવી રીતે બાંધવુ તે સૌ પણ જાણે છે. મકાન બાંધવા કેટલી સંપતિ જોઈએ તેની નક્કી વાત નથી મકાન સારામાં સારૂ બાંધીયે છીએ ને રહીએ છીએ એ મકાનમાં સારી રીતે રહેવા સારા સંસ્કાર પણ જોઈએ આજે સંપત્તિ સુવિધાઓ ખૂબ વધી ગઈ છે. ને સંસ્કાર નાશ પામ્યા છે. તો સારા સંસ્કારની જરૂર છે. જુવો આપણામાં સારી ટેવો સારા વિચારો સારો ભાવ હશે તો જરૂર આ સંસ્કાર ટકી રહેશે તો આજના સમયમાં સારા સંસ્કારની જરૂર છે. તો અત્યારે તો સંસ્કાર નાશ પામ્યા છે. સંસ્કારોનું નીરમાણ કરવા માટે ત્રણ વસ્તુની જરૂર છે. શ્રધ્ધા, પ્રેમ, શાન્તી આ ત્રણ આપણા ઘરમાં હશે તે આ ઉન્તીના શીખરો પર ચઢીને એક અનેરો આનંદ મળશે આ ત્રણ વસ્તુ હશે તો જરૂર સંસ્કારનો અનુભવ જાણી શકાય આ ભાવ પ્રેમ માણસમા હોય તો લાગણી પ્રેમની નિશાની છે. આપણામાં સાચે જ ભાવ પ્રેમ હશે તો આપો આપ સંસ્કારની ઓળખથી થશે જે શુધ્ધ સંસ્કાર દેખા છે. તો જરૂર આપણા ગુરુજીનું માતા-પિતાનું ગૌરવ દેખા છે. આજે માણસનું માપ માણસમાંથી થાઈ છે. (મુડીથી) થાઈ છે. પણ (મુડીતો) આવેને જાય છે. પણ સંસ્કાર કાયમ માટે રહે છે. પણ આજે તો તેનું માપ જોયે કે માણસ પાસે પૈસા છે. તો સારો માણસ પણ ના ભાઈ ના પૈસા તો આજ છે કાલ નથી અથવા કાલ હતા ને આજે નથી પણ સારા સંસ્કાર હશે તો કાયમ માટે રહે છે. માણસની શિલથી નહી સુંદરતાથી પરખ થાઈ છે. આજે માણસ પારખવામાં ભુલ કરીએ છીએ. આજે માનવીના મન ખૂબ (સંકૂચિત) અને ટુકા થઈ ગયા છે. માણસ આજે પોતાના સિવાય બીજાના મહત્ત્વ સમજતો નથી. જુવો કહેવત છે ને (બે અમે ને બે અમારા) બસ આટલી જ વાત પૂરી પણ તમે મોટા બંગલા બાંધ્યા તેનું શું તમારા મકાનની બારી ખુલ્લી મુકીને જુવો બહાર કોય સંકેત કરે છે. પણ શું ભાઈ ના...ના... તે જવાદોને ચાલો આપણે પણ જુવો (દુઃખી કે દર્દી કે કોઈ ભુલેલા માર્ગવાળાને વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજે બારી) જુવો આપણા ઘરમાં સારા સંસ્કારનું ગુંજન હશે તો આપણામાં સમજ જરૂર આવશે ને કોઈનું જીવન ઝરણું બનશું નહીતર અત્યારે ભાવને નાશ કરી બેઠા છીએ. ઘર ઘરમાં આજે મોટા સંઘરશનો ઉભા કરીએ છીએ. નાની નાની વાતમાં ભાઈ ભાઈના, સાસુ વહુનાં, દેરાણી જેઠાણીના તો આ વાદ-વિવાદમાં સાસો પ્રેમનો ભાવ નથી. સારા સંસ્કાર નથી. આ સારા ઘરમાં ત્રણ વસ્તુની સારૂ ધારો તો એ જ આ ત્રણ વસ્તુ કાંઈ બહાર નથી. આ પાવન પ્રેમ સંદેશ પરમ આદરણીય વંદનીય ગુરૂજીના પાવન સંદેશમાંથી મળે છે. જો ભાવથી લયશું તો જરૂર પ્રેમ પણ થશે. શ્રદ્ધા જરૂર લાગશે ને ઘરમાં આનંદની ચોળુ થશે પણ સાસેજ ગુરૂના વચન ઉપર વિશ્વાસ હશે તો જરૂર ને જરૂર થશે.

**રાખો રાખો શ્રધ્ધા પ્રભુમા ભરપૂર રે,**
**શ્રધ્ધાને પ્રભાવે રે પ્રભુ મારો પ્રગટ થશે રે લોલ..**

તો મનને વિશાળ રાખવું સેવામાં સંસ્કારમાં આપણા સંસ્કાર રહેલા છે. કોઈ અતિથી આવે તો તેને આદરથી આપવું ન હોય તો પ્રેમથી નમસ્કાર કરવા પણ અપશબ્દ તો ન જ બોલવા જે મળે તે આપવું.

## ❋ તમે દયા કરીને

વાઘાણી ઉષાબેન ચંદુભાઈ
(નાના સુરકા)

તમે દયા કરીને એકવાર ચાણોદવાળા રે,
તમે દર્શન આપોને એકવાર ચાણોદવાળા રે,
તમે છોડયું પીપળીયા ગામ ચાણોદવાળા રે,
તમે ધર્યું અખંડાનંદ નામ ચાણોદવાળા રે,
તમે જાલ્યો ભક્તોને હાથ ચાણોદવાળા રે,
તમે આવ્યા સંતોની સાથ ચાણોદવાળા રે,
તમે દીપાવ્યું ચાણોદ ધામ ચાણોદવાળા રે,
તમે પાવન કર્યું પીપળીયા ગામ ચાણોદવાળા રે,
તમે સુણો ભક્તોનો પોકાર ચાણોદવાળા રે,
તમે ભક્તોને કર્યા ભવપાર ચાણોદવાળા રે,
તમે બ્રહ્મલિન થયા ચાણોદધામ ચાણોદવાળા રે,
તમે દિપાવ્યું ચાણોદધામ ચાણોદવાળા રે.

# સમય ઓળખતા શીખો

વિભુતી વી. દવે

એક મહાન ચક્રવર્તી રાજા સૂર્યકાંત - તેમની રાણી શ્રી સૂર્યલેખા તેમના (૨) બે રાજકુમાર જય વિજય રાજા ઘણા સુખી તેમની પ્રજા પણ ઘણી સુખી રાજા સૂર્યકાંતના દરબારમાં દરેક પ્રકારે નિતી-નિયમનું પાલન થતું. રાજા પોતે ન્યાયપ્રીય અને પ્રજાપ્રિય હતા. તેમના રાજ્યમાં જાણે સ્વર્ગ જેવું સ્થાપત્ય હતું. પણ કહેવાય છે ને કે જ્યાં બધા સુખો અને વૈભવો હોય ત્યાં કયારેક મોટી આપત્તિ તુફાન પહેલાની શાંતિને દૂર કરવા માટે આવતી હોય છે. આવી આપત્તિ જે મહાન ઉત્તમ જ્ઞાન ધરાવતા લોકોને સંદેશ આપી જાય છે.

તેમજ તે રાજ્યમાં વહેપાર અર્થે આવેલા વેપારીઓને પણ સારું એવું ધન મળતુ અને તેઓ વેપાર કરીને સંતુષ્ટ થતા. ત્યાં એક હિરાનો વેપારી રાજ્યને શોભે તેવી અનેકો ચીજવસ્તુ શણગારની અને સજાવટની ચીજો લઈને રાજદરબારમાં વેપાર અર્થે આગમન કરે છે. અતિ ભવ્ય-સુંદર-મનમોહક હિરાજડીત ઝુમ્મર લઈને આવે છે. આ ઝુમ્મરની શોભાની કોઈ સીમા નથી એવું અતિ ભવ્ય ઝુમ્મર-રાજાજીને રાજસભામાં પ્રદર્શીત કરે છે. જયાં આ ઝુમ્મર ઉપર રાણીની નજર પડે છે. ત્યાં જ તેને લેવા માટે રાણી તત્પર બની જાય છે. તે જમાનામાં (૧૦૦) વર્ષ પહેલા તેની કિંમત એક કરોડ રૂપિયાની હતી. રાજા સૂર્યકાંત રાણીની ખુશી માટે તે ઝુમ્મરની ખરિદદારી કરે છે.

પણ મનમાં સંચય રાખે છે કે આજ રૂપિયા પ્રજાના કોઈ હિત પાછળ ખર્ચ કરવામાં આવે વધુ સારું પણ કહેવાય છે. (સ્ત્રી) હઠ આગળ કસુ નહિ. તેમ વિચારીને રાજા શાંત થઈ જાય છે. આમ કરતાં આ વાતને ૮ મહિનાનો સમય વિતી જાય છે. જયારે અચાનક પવન ફુંકાવા લાગ્યો. વાવાજોડું પુર જોસમાં આવ્યું ચારે કોર અંધકાર વચ્ચે વાદળ જાણે કોઈને ખાઈ જવાનું હોય તેવા અવાજ સાથે જાણે યમરાજા સાક્ષાત પધાર્યા હોય તેવા ભયાનક વાતાવરણમાં રાણીની હવેલીની અટારીમાં લટકાવેલું ઝુમ્મર આમ તેમ ડોલવા લાગ્યું અને જોતજોતામાં તે હિરાજડીત-ઝુમ્મર-ધડામ કરતા ૩ માળની હવેલી ઉપરથી નચે પડયું અને રાણીથી મોટી ચીસ પડી ગઈ.

ત્યાં જ બધા સિપાઈઓ અને રાજા દોડીને આવી ગયા. કે શું થયું રાણી દોડતા દરબારના આંગણમાં આવી પહોંચ્યા અને જોયું કે મારું ઝુમ્માર ટુટી તો નથી ગયુ ને ? ત્યાં જોતા જ રાણીને હરખનો પાર ના રહ્યો, ઝુમ્મર અખંડ હતું. આ જોયને રાણી ઘણા ખુશ થયા પણ રાજા સૂર્યકાંતના ચહેરાનું નુર ઊડી ગયું અને નિરાસ થઈ ગયા. જેવી રાણીની નજર રાજાજી ઉપર પડી કે રાણીએ. પ્રશ્ન કર્યો કે તમને આનંદ ના થયો. આટલું કીંમતી ઝુમ્મર બચી ગયું ?

ત્યારે રાજાજીએ રાણીને જવાબ આપ્યો. કે હવે, આજથી રોટલો-ચટણી ખાવાની તૈયારી રાખજો. રાણી કહે કેમ ત્યારે રાજાએ જવાબ આપ્યો. હું સમય ઓળખું છું માટે દરેક વ્યક્તિને એ સમય ઓળખવો જોઈએ. જ્યારે સર્વ સુખ-વૈભવ પોતાની પાસે આવે. ત્યારે તેનો ઉપયોગ શુભ સારા કાર્યોમાં ધનનો ખર્ચ કરવો જોઈએ. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે ધનના ચારભાગ કરવા. (૧) ભાગ - ૧૦૦ માંથી ૬ રૂ. ભગવાન માટે ખર્ચ કરવા. (૨) ૧૦૦ માંથી ૩૪ રૂ. ઘરખર્ચ માટે પત્ની અથવા માતાના હાથમાં આપવા. (૩) ૧૦૦ માંથી ૪૦ રૂ. તમારા ધંધા રોજગારનો વધારો કરવામાં અને (૪) ૧૦૦ માંથી ૧૦ બચત જેમાંથી આપણા વડીલ-પત્ની-પુત્રો-પુત્રીઓની જરૂરીયાત પૂરી કરવામાં ખર્ચ કરવો. આ શાસ્ત્રનો નિયમ છે. તેને અનુસરી દરેક વ્યક્તિ ચાલે તો આપણો સારો સમય જતો નથી.

રાજા આટલું વાક્ય બોલીને રાજ દરબારમાં ચાલી ગયા જાણે ભગવાન પણ આ બનાવ બનતા જ શાંતિથી વાતાવરણમાં પ્રસરી ગયા આમ કરતા વરસ દિવસ વિતી ગયો. રાણી રાજાની કહેલી વાત પણ વિસરી ગયા હતા. ત્યાં જ અચાનક મધ્યરાત્રિએ રાજાના પ્રધાને આવીને રાજાના દ્વાર ખખળાવવા લાગ્યા. મધ્યરાત્રીના સમયે આમ અચાનક દરવાજાનો અવાજ સાંભળી રાજા-રાણી સફાળા ઊભા થઈને દરવાજો ખોલતા જ પ્રધાન ઉપર નજર પડી પ્રધાને રાજને કહ્યું કે રાજાજી આપણી ઉપર કુદરતનો કોપ

ઉતર્યો છે. તમો અને રાણીજી - બન્ને જ હમણાં જ તમારાથી લેવાય તેટલું ધન લઈને ગુપ્ત દ્વારથી નીકળી જાવ અને બન્ને કુમારો જય-વિજયને લઈને હું અહિંથી નીકળી જાવ છું. કા. કે. પડોશના રાજા ઘણું મોટું સૈન્ય લઈને આપણા રાજ્ય ઉપર ચડાઈ કરી છે અને આપણું સૈન્ય તેમનો સામનો કરવા માટે સક્ષમ નથી. તો (આપ ભલા તો જગ ભલા) માટે અહિંથી નાસી છુટવામાં જ આપણી ચતુરાઈ છે. આમ કહેતા જ પ્રધાન બન્ને કુમારોને લઈને ચાલવા માંડયુ અને રાજા-રાણી પણ ગુપ્તદ્વારથી પલાયન થઈ ગયા.

ઘણા દિવસો સુધી તે વનમાં આગળ આગળ જતા હતા અને વચ્ચે જે ગામ આવતું ત્યાં ધર્મશાળામાં આરામ કરતા અને આગળ વધતા દિવસો જતા વાર નથી લાગતી આમ કરવા ૨ વર્ષના વાણા વહિ ગયા. રાજાની પાસે રહેલું ધન બધુ જ ખર્ચ થઈ ગયું. હવે મજુરી કરીને તેમનું પેટ ભરાતું એમ કરતા સમય એવો આવ્યો. કે ૨ દિવસ સુધી કાંઈ કામ ના મળતા રાજા-રાણી-પાણી પી ને સુવાનો વારો આવ્યો. ૨ દિવસથી ખાધા-પીધા વગર રાજા-રાણીને જાણે નિંદર પણ આવતી નહોતી. કહેવાય છે (દશા ખરાબ હોય તો વાડ નો કાંટો પણ આવીને પગમાં વાગે) રાજાએ રાત્રે વિચાર કર્યો કે રાત્રીના ઠંડાપોરમાં ધીરે-ધીરે નજીકના ગામમાં જઈને આરામ કરીએ. તો સવાર પડતા બીજા ગામમાં કાંઈ કામ મળતા જમવાનું મળે. આમ વિચારી રાજા-રાણી રાત્રીના સમયમાં ચાલવા માંડયા. અળધા રસ્તે આવતા જ રસ્તામાં સ્મશાન આવતું હતું તેમાં કોઈનું શબબળી રહ્યું હતું. ત્યાં સ્મશાનમાં મુકેલી (ખીચડી, દાળ-ચોખા) ઉપર નજર પડી. ત્યાં બાજુમાં ભાંગેલી હાંડી ઉપર નજર પડી તેમાં થોડું પાણી હતું તે દાળ-ચોખામાં નાંખી, બળતા શબ ઉપર રાજાએ મુકયું અને રાજા-રાણી બન્ને જણે પેટમાં ૨ દિવસનો અગ્નિ શાંત કરવા માટે જમણ કર્યુ અને ત્યાં જ રાજાએ રાણીને કહ્યું કે આજથી રાજગાદી અને રાજસુખ ભોગવવા માટે તૈયાર રહેજો. આ વાત રાણી સાંભળતા જ ચમકી ગયા અને કહેવા લાગ્યા રાજાજી તમારી વાણી મારી સમજની બહાર છે. ત્યારે પણ રાજાએ જવાબ આપ્યો હું સમયને ઓળખું કે પૂર્ણ અંધકાર પછી સૂર્યના તેજોમય કિરણ આવે છે. તેમ આપણા જીવનમાં પૂર્ણ અંધકાર આવી ગયો. માટે હવે તેજોમય કિરણ આવવાનાં છે.

બસ ત્યાંથી રાજા-રાણી નજીકના ગામમાં પહોંચ્યા. ત્યાં ગામના પાદર પાસે મોટી વિશાળ હવેલી હતી તેના ઓટલા ઉપર વિશ્રામ કરવા માટે બન્ને જણ આડા પડખે થયાં. ત્યાં જ હવેલી અધખુલ્લા દરવાજા-માંથી અવાજ સંભળાયો ભાઈ મને કોઈ પાણી પીવડાવો. મારો જીવ જતો રહેશે. આમ સાંભળતા ખચકાતા મને રાજા-રાણી ઘરની અંદર ગયા. ત્યાં મોટા વિશાળ પલંગમાં એક વૃધ્ધ માજી પાણી માટે તળપી રહ્યા હતા. રાણીએ આમ તેમ નજર કરતા પાણીયાર ઉપર નજર ગઈ ત્યાંથી પાણી લાવીને માજીને પીવડાયું ત્યાં જ ઘણા બિમાર માજી સંતુષ્ટ થયા અને સુઈ ગયા. સવાર સુધી રાજા-રાણી તેમના પલંગ આગળ બેસી રહ્યા. અને માજીની આંખ ખુલતા જ જોયુ તો તેમણે પૂછયું ભાઈ તમે કોણ છો અને ક્યાંથી આવ્યા છો ?

રાજાએ જણાવ્યું અમે વટેમાર્ગુ છે. કામની તલાસમાં આ ગામમાં આવ્યા છે. માજીએ કહ્યું તમારે કામની જરૂર છે અને મારે તમારા જેવા ઈમાનદાર માણસની જરૂર છે. જો તમારામાં ચોર હોત તો મારા ઘરમાં આટલી સંપતિ, ધન, વૈભવ છે. તેને તમારી દરિદ્રતા દુર કરવા માટે લઈને મારી બેહોસીની હાલતમાં જઈ સકતા હતા. પણ તમોએ એવું ના કર્યુ માટે તમે ખાનદાની લાગો છો આજથી તમે મારા દિકરા જેવા અને રાણીને કહ્યું તમો મારી દિકરી સમાન છો તો તમારે મારી સાથે જ રહેવાનું છે.

રાજા-રાણી માજીની સેવા કરતા અને રાજાએ માજીના દિકરાઓના દેહાંત પછી બંધ થયેલ ધંધો ફરીથી શરૂ કર્યો અને રાજાના ગુણગાન-સૌર્યવાન-ચાતુર્યવાન તો હતા જ તેથી તેમણે ટુંક સમયમાં જ ધંધો, ધમધોકાર ચાલુ કરી દીધો. આમ વરસ દિવસ જતાં ૧ રાત્રે માજી પાસે બેસીને પૂર્ણ વાત કરી અને કહ્યું કે આ ગામનો રાજા છું તમારી આજ્ઞા હોય તો તેજ રાજાની જેમ હું પણ અળધી રાત્રીના તેની ઉપર મોટું સૈન્ય તૈયાર કરીને ચડાઈ કરું માજીએ કહ્યું બેટા આ બધુ જ તારું છે. તેની ઉપર પૂર્ણ અધિકાર છે. રાજાએ સૈન્ય તૈયાર કરી ચડાઈ કરી પોતાનું રાજય-રાજકુમારો પ્રાપ્ત કર્યુ. પહેલા જેવી જ સુખ શાંતિ થઈ ગઈ માટે - "દરેક વ્યક્તિએ સમય ઓળખવો જરૂરી છે."

# તત્ત્વબોધ

રેખાબેન આર. મચાણી
(ભાવનગર)

પરમ પૂજ્ય પરમ આદરણીય સ્વામીજી શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજશ્રીના ભાવનગર આશ્રમ મુકામે સત્સંગ કથા પ્રવચન સાર...

પરમ કૃપાળુ પરમાત્માની મહતિ અનુકંપાથી મહામૂલો દેવોને દુર્લભ એવો માનવજન્મ મળ્યો છે તો માનવજન્મને સાર્થક કરવા માટે માનવને ચાર પુરુષાર્થ બતાવ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારમાં મોક્ષ નામનો પુરુષાર્થ પરમ પુરુષાર્થ છે. હવે મોક્ષ નામક પરમ પુરુષાર્થનો સાધક એવા સાધકને વેદાંત શાસ્ત્ર અનુસાર જેને જીવનમાં પ્રવેશ કરવો છે તેના માટે તત્ત્વબોધ છે.

➾ મુમુક્ષ કોણ છે ? જે સાધન ચતુષ્ટ સંપન્ન છે તે મુમુક્ષુ છે.

➾ આ સાધન ચતુષ્ટ (ચાર) કયાં છે ? વિવેક, વૈરાગ્ય, શમ, દમ આદિ ષટ્સંપત્તિ અને મુમુક્ષત્ત્વ આ ચાર સાધન કહેવામાં આવ્યા છે.

આ ચાર સાધનથી સંપન્ન છે તેને મુમુક્ષુ કહેવાય અને મુમુક્ષુને આ તત્ત્વબોધ થાય છે.

➾ વિવેક શું છે ? તો નિત્ય-અનિત્ય વસ્તુને જુદી પાડી દેવી તેને વિવેક કહેવામાં આવે છે.

નિત્ય વસ્તુ એક જ બ્રહ્મ છે બીજી બધી વસ્તુ અનિત્ય છે. આત્માથી ભિન્ન નામ-રૂપાત્મક સંસાર એ અનિત્ય છે તે હંમેશા રહેવાવાળો નથી. તે અનિત્ય છે. એવો દ્રઢ નિશ્ચય થયા પછી મનનું સંસાર તરફ ન જવું અને કેવળ પરમાત્મામાં મન લાગવું અને આ લોક-પરલોક (સ્વર્ગ)ના ભોગોની ઈચ્છાઓનો અભાવ છે એને વૈરાગ્ય કહેવામાં આવે છે.

➾ ઈચ્છાઓને અભાવ કયારે થાય ? તો નક્કી થઈ ગયું છે કે આ બધું અનિત્ય છે ગ્રાહ્ય નથી. લેવા જેવુ નથી.

**દ્રષ્ટાંત :–** જેમ શાકભાજી ફળ વગેરે લાવીએ પછી ગમે તેટલી મોંઘી હોય તો પણ તેનું બધું જ એમને એમ જ રાખીને રાંધી નાખતા નથી. તેનું પૃથ્થકરણ કરીએ છીએ. તેમાં ગ્રાહ્ય અને અગ્રાહ્ય બે છે. ખાવાલાયક અને નાંખી દેવા લાયક એમ બે રીતે છે. છાલ, ડીંટા, બી વગેરે કચરો નાંખી દઈએ છીએ કારણ એ હિસ્સો ત્યાજય છે અને અંદરનો હિસ્સો છે તે ગ્રાહ્ય છે. ખાવા યોગ્ય છે. બસ એવી રીતે પરમાત્મા જ એક નિત્ય છે અને બીજુ બધું અનિત્ય છે તેના સુખરૂપનો ત્યાગ તેને વિરાગ એટલે કે વૈરાગ્ય કહેવામાં આવે છે.

➾ વિવેક અને વૈરાગ્ય સંપન્ન થયા પછી ષટ્સંપત્તિ સંપન્ન થવું જોઈએ. ષટ્સંપત્તિમાં શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ શ્રધ્ધા અને સમાધાનનો સમાવેશ થાય છે આને ષટ્સંપત્તિ કહેવામાં આવે છે. સંપત્તિનો અર્થ સમ્યક પ્રકારની જેનો સંગ્રહ કરીએ છીએ તેને સંપત્તિ કહેવાય છે. ધન, પુત્ર, મિલકતને પણ સંપત્તિ કહેવામાં આવે છે. આ સંપત્તિ મનુષ્યને આવશ્યક પદાર્થ છે. જે જે આવશ્યક પદાર્થ છે તેને સંપત્તિ કહેવામાં આવે છે.

અધ્યાત્મિક માર્ગ તરફ વધવાથી આ સાચી સંપત્તિ છે પણ જ્યાં રાગ હોવો જોઈએ ત્યાં વૈરાગ્ય છે અને જયાં વૈરાગ્ય હોવો જોઈએ ત્યાં મનુષ્યને રાગ છે ઉલટી ગતિ છે.

➾ **''તારી ઉલટી છે ગતિને મતિ,**
**ભજન કેમ કરતો નથી.''**

સાંસારીક વિપત્તિ (દુઃખ) એ વિપત્તિ નથી એ તો આવીને જતી રહે છે અને જેને સંપત્તિ કહીએ છીએ તે પણ સંપત્તિ છે જ નહિ તો સાચી સંપત્તિ અને વિપત્તિ કઈ ? એવો પ્રશ્ન ઊભો થાય છે.

ભગવાનનું વિસ્મરણ થઈ જવું એના જેવી કોઈ વિપત્તિ નહિ પણ જો ભગવાનમાં રહે તો દુનિયાની કોઈ પણ વિપત્તિએ વિપત્તિ (દુઃખ) લાગતી જ નથી. ભગવાનનું સ્મરણ રહે તે જ સાચી સંપત્તિ છે. ભગવાન કૃષ્ણે પાંડવોની સાથે રહી પાંડવોને બધી જ વિપત્તિમાંથી પાર કરી દીધા. ભગવાન કૃષ્ણ તેમની સાથે છે. પાંડવોના સ્મરણમાં પણ હંમેશા રહે છે આપણી સાથે ભગવાન છે જ પણ આપણે સાંસારીક વિપત્તિને એટલું જ મહત્ત્વ આપીએ છીએ કે એ સમયે ભગવાનને ભજવાને બદલે પડતા મૂકીએ છીએ. અને કહીએ છીએ કે ભગવાન મારું ધ્યાન રાખતા નથી. આ સંસારની અધોગતિનું મૂળ કારણ છે. જેનું કોઈ પ્રમાણ નથી, સાબિતી નથી એવા અપ્રમાણનું કહ્યું મનુષ્યો માને છે પણ પ્રમાણનું માનતા નથી. જો મંદિરમાં અલગ અલગ ફોટો હોય તો શ્રધ્ધાં કયાં કરશો ? એમ ગુરુજીએ આપણને જ્ઞાન આપ્યું તો આપણા ઘેર એની

જ ભક્તિ એની જ આરાધના હોવી જોઈએ. ગુરૂજીએ વેદોનું પ્રમાણ સાથે જ્ઞાન આપ્યું છે તો તે જ લેવું જોઈએ. **ધર્મ અને બ્રહ્મ પૂર્ણતઃ વૈદિક છે** મનુષ્ય ધર્મનું કે બ્રહ્મનું સ્વરૂપ નક્કી ના કરી શકે. ધર્મમાં અને બ્રહ્મમાં વેદ પ્રમાણ છે. વેદ એનું નામ છે જે ધર્મમાં અને બ્રહ્મમાં પ્રમાણ હોય. કારણ કે ધર્મ એ પણ વેદ આધારીત અને બ્રહ્મ એ પણ વેદ આધારીત છે. **જ્યાં સુધી શાસ્ત્રનો વિચાર ન કરવામાં આવે ત્યાં સુધી ધર્મ અને બ્રહ્મનું સ્વરૂપ સમજાતું નથી.** જેમ દેખતો હોય તે દેખાડી સમજાવી શકે આંધળો દેખાડીને સમજાવી ન શકે.

આપણા ગુરુજીએ શિષ્યને જ્ઞાનથી આંખ અને કાન આપ્યા. આપણે કીર્તન ગાઈએ છીએ કે "તેના નેણ અને વેણ પલટાય" જે પહેલા નહોતું દેખાતું તે દેખાવા લાગે છે અને નહોતું સંભળાતુ (સમજાતુ) એટલે કે સાંભળવા છતાં સમજાતું ન હતું તે સમજાતા અને સાંભળતા થઈ જાય છે. એટલે ક્ષોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરૂ શિષ્યને સાંભળતો અને દેખતો કરે છે. શાસ્ત્ર દ્વારા જ્ઞાન કરાવે છે. એ જ સંગઠન છે. હિરાની કિંમત ઝવેરી જ બતાવી શકે. જ્યાં સુધી મનુષ્યને ધર્મ અને બ્રહ્મની જીજ્ઞાસા ન થાય ત્યાં સુધી ધર્મ અને બ્રહ્મને કયાંથી શોધે ?

**વેદનું શીર (મસ્તક) એટલે વેદાંત અને વેદાંતનો આશ્રય કરીએ તો જ બ્રહ્મજ્ઞાન થાય.**

વૈદિક ધર્મ માર્ગના અનુયાયી થવું બહુ જ દુર્લભ છે. ઉત્તર મિમાંસા દર્શન અને પૂર્વ મિમાંસા દર્શન આ પૂર્ણ વૈદિક દર્શન છે. વેદાંતના વાક્યમાં બ્રહ્મનો સમન્વય છે એ સૂત્રથી સ્પષ્ટ થયેલ છે. બધા જ વેદાંત વાક્ય સીધી રીતે કે આડકતરી રીતે બ્રહ્મનું જ પ્રતિપાણ કરે છે માટે ધર્મ અને બ્રહ્મવિષયમાં પ્રમાણમાં વિચાર કરવો જોઈએ. જે વેદાંત પ્રમાણ છે. સમૂહમાં વિવેક બુધ્ધિ નથી ચાલતી. વ્યક્તિગત વિવેક બુધ્ધિ જ ચાલે.

➺ ભગવાનનું સ્મરણ એ જ સાચી સંપત્તિ છે. જો વિસ્મરણ થાય તો વિપત્તિ આવે.

ભગવાન મેળવવા જે સાધન કરવા પડે તે સાધન કરે તેને વિવેક, વૈરાગ્ય અને શમ દમ આદિ ષટ્સંપત્તિ મેળવવી પડે અને ષટ્સંપત્તિ વૈરાગ્ય પછી જ સંભવ છે. ષટ્સંપત્તિમાં શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રધ્ધા અને સમાધાનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

➺ શમ :- મનનો નિગ્રહ કરવો. મને શાંત કરી પરમાત્મામાં લગાડવું.

મન નિગ્રહ ત્યારે જ સંભવ છે મન જે પદાર્થમાં જાય એ પદાર્થને નિગ્રહ કરે ત્યારે જ મનનો નિગ્રહ થયો કહેવાય મન વાંદરા જેવું ચંચળ છે. મનને મારવું એટલે મનને શાંત કરવું. મન સુક્ષ્મ શરીરનો ભાગ છે, મૃત્યુ થતાં સ્થૂળ શરીરની નિવૃત્તિ થાય છે. સૂક્ષ્મ શરીરનો હિસ્સો મન હોવાથી મન મરતું નથી. સુક્ષ્મ શરીર સત્તર તત્ત્વોનું બનેલું છે. પાંચ પ્રાણ, પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય મન અને બુધ્ધિ. શરીર બદલાતા આ સત્તર તત્ત્વો એના એ જ રહે છે. જીવાત્મા શરીર છોડી બીજા શરીરમાં જાય છે. ત્યારે સંપૂર્ણ કાર્યક્રમ સંઘાત સાથે બીજા શરીરમાં જાય છે. આચાર્ય બદરાયણે બ્રહ્મસુત્રમાં નિર્ણય કર્યો છે. આ જ વાતનો જીવાત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં જાય ત્યારે એની સાથે શું શું જાય છે ? બધુ લઈને જાય છે કે નવું નવું મળે છે ? આચાર્ય બાદરાયણે અધિકરણથી નિર્ણય કર્યો. જીવાત્મા કાર્યકારણ સંઘાત સત્તર તત્ત્વો અને પાંચ ભૂત સુક્ષ્મ (શરીરનું બીજ) સ્થૂળ શરીરનું બીજ લઈને જાય છે. કેવી રીતે ? છાંદોગ્ય ઉપનિષદમાં સંવાદ છે શ્વેતકેતુ ઋષીને પ્રશ્ન કરવામાં આવ્યો. પંચાગ્નિ વિદ્યામાં આ પ્રકારની વાત છે. તેના દ્વારા નકતક છે. જીવાત્મા શરીર છોડી પરલોકમાં જાય છે અને પછી પાછો આવે છે. જો આ શરીરનું બીજ સાથે ન લઈ જાય તો બીજુ શરીર કયાંથી મળે. શરીરનું અગ્નિ સંસ્કાર થયા પછી જ ભૂત અને સુક્ષ્મ શરીર છૂટુ પડે છે. માટે અવશ્ય શરીરના અગ્નિ સંસ્કાર કરવા જોઈએ. દાન કોને કહેવાય એ શાસ્ત્ર નક્કી કરી શકે મનુષ્ય નહિં.

હવે જ્યારે મન પરમાત્માથી ભિન્ન પદાર્થમાં જાય છે ત્યારે નિગ્રહ કરવો પડે છે પણ જો નિત્ય-અનિત્ય પદાર્થનો વિવેક થઈ જાય તો નિગ્રહ કરવાની જરૂર પડતી નથી. પરમાત્માથી અતિરીક્ત જે પદાર્થો છે તેમાં દોષબુધ્ધિ કરો તો મન નિગ્રહ કરવાની જરૂર નહિ રહે. આમને આમ વૈરાગ્યથી જ મનનો નિગ્રહ થઈ શકે.

➺ દમ :- ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો.

જ્ઞાનેન્દ્રિયોને વિષયમાંથી પાછી વાળવી તેને કહેવાય. દમ, બ્રહ્મજ્ઞાન લેવાની તત્ત્પરતા રાખવી. વિષયનું જ્ઞાન લેવાનું છોડવું.

સત્ત્વગુણી તપસ્વી વ્યક્તિ નાહી-ધોઈ પવિત્ર થઈ ભગવાન સામે ધ્યાનમાં બેસે છે અને ત્યારે તેની અંદર તરંગ પેદા થાય છે તે તરંગ જે આપણી માટે થવાનું છે તે બધા જ કર્મ આપણી સામે આવીને ઉભા રહે છે પણ આવું આપણે કરતા નથી અને સંગદોષની આકાંક્ષાને ઓળખવા માટે આકાંક્ષા કરે છે.

જેમ સંગદોષથી ગરમીથી પાણી ગરમ થાય છે તો એ ગરમ થાય છે પણ ચૂલા પરથી નીચે ઉતારી દો તો એ ધીમે ધીમે ઠરી જાય છે. ઠારવું નહિ પડે. આમ, આત્મ સંયમ કરવો નહિં પડે સંયમ થઈ જાય છે એમ તમે તમારી રીતે પ્રગતિના પંથે ચડશો તો નવી ક્રાંતિ થશે, નહિ તો સંગદોષથી દુઃખી થાય છે. કુસંગ થાય તો કુસંગથી દુઃખી થાય છે. એટલે કે કોઈ પણ કુસંગ થાય તો પણ તે કુસંગ છૂટતા ધીરે ધીરે ઈન્દ્રિયો સત્સંગ તરફ વળવા વિચારે છે અને તે સત્સંગ કરી પ્રભુ તરફ જ વળે છે. આવી તાકાત જેનામાં આવી જાય ઈન્દ્રિયોને વિષયમાંથી પાછી વાળવાની તેને દમ કહેવાય છે. જેમ આપણે કહીએ છીએ કે દમદાર વ્યક્તિ છે. એની વાતમાં કંઈક દમ છે. સાતત્યતા છે તાકાત છે. જ્યાં સત્ય છે ત્યાં જ તાકાત છે એટલે આપણે પ્રભુ તરફ વળીએ છીએ ત્યારે પ્રભુ આપણી સાથે છે. સત્ય આપણી સાથે છે એટલે આપણે દમ વાળા થઈએ છીએ. પ્રભુને મેળવવાના પ્રયત્ન માત્રથી દમ આવી જાય છે.

➻ તિતિક્ષા :- સહન કરવાની શક્તિ કેળવવી. સહન કરતા શીખો. સમાજને તૈયાર જોઈએ છે કાંઈ સહન કરવું નથી. પરંતુ એમ પરમાત્માનું દર્શન ન થાય એના માટે ભોગ આપવો પડે.

આપણે જાણીએ છીએ કે મોક્ષ મેળવવો એટલે પરમાત્મામાં ભળી જવું. માત્ર પરમાત્મા જ દેખાય બીજું કાંઈ દેખાય નહિ. બ્રહ્મ એક જ સત્ય છે. બીજુ બધું વ્યર્થ છે આ સ્થિતિએ પહોંચવા અને પહોંચાડવા સંતોને કેટલું સહન કરવું પડે છે. સંસારી પદાર્થોનો ત્યાગ કરવો પડે છે. ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો પડે છે. સાચા ખોટાનો વિવેક લાવવો પડે છે. આ બધાથી કેળવાવું પડે છે. આ કેળવવાની શક્તિને સહન કરવાની શક્તિ કહે છે મન શાંત થાય તો જ સહન થઈ શકે છે. આ બધું સંતોમાંથી શીખવા મળે છે. સંતો કાંઈ એમને એમ જ ભગવા પહેરી લેવાથી સંત નથી થઈ જતા. સાચા સંતો તો જ્ઞાન શીખીને શીખવાડવાનાં માટેના પ્રયત્ન કરે છે પહેલા પોતે અનુકરણ કરે છે અને પછી અનુકરણ કરતાં શીખવાડે છે.

**''સંતના સંતપણા રે નથી મફતમાં મળતા,**
**નથી મફતમાં મળતા નથી એના**
**મૂલ ચૂકવવા પડતા**
**સંતના સંતપણા રે નથી મફતમાં મળતા''**

આવા સંતો પ્રભુને પ્રાપ્ત કરી જીવતા જ મોક્ષ મેળવી લે છે. પ્રગતિ કરનાર વ્યક્તિની પ્રેરણા લઈ શકાય છે. પ્રેરણા લઈ આગળ વધવું. નકલ ના કરવી. આજે કોઈને સહન નથી કરવું. ધર્મના નામે જે પ્રદૂષણ આવ્યું છે તેનું નામ છે મહિષાસુર. તેને બ્રહ્મા, વિષ્ણુ, શિવ પણ નાશ ના કરી શકે. વ્યક્તિની યોગ્યતા જ મહત્ત્વની છે. વિવેક સંપન્ન થયા પછી પ્રકૃતિના નિયમને સમજવો જોઈએ. આનું અનુકરણ કરાય અને આનું અનુકરણ ન કરાય એવી સમજણ આવવી જોઈએ. આ સમજણ ત્યારે જ થાય જયારે સહન કરતા શીખો. એક વૃક્ષ પણ ટાઢ, તડકો, વરસાદ સહન કરીને મીઠાં ફળ આપે છે. તો એવી સહન શક્તિ કેળવીને સંતોની જેમ જ્ઞાન પ્રાપ્ત કરી પ્રભુને પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં આગળ વધવું.

➻ ઉપરતિ :- સ્વધર્મનું અનુષ્ઠાન એ જ મારે માટે શ્રેષ્ઠ કલ્યાણ છે. બીજામાં કયાંય લાગવું નહિ તેને ઉપરાન કહેવાય. આવી વૃત્તિ આવે તેને ઉપરતિ કહેવાય. બીજા ધર્મ વગેરે જગ્યાએ કોઈ-કોઈનો પક્ષ ન લેવો, શાંત રહેવું પણ જો વૃત્તિમાં વિવેકી શબ્દ નીકળે તો તેને પરામર્શ કરવું નહિંતર મૂંગા રહેવું એટલે કે કોઈને કાંઈ ન કહેવું. ચૂપ રહેવું પોતાનો મત જાહેર ન કરવો. તેને ઉપરામ રહેવું એવું કહેવાય. આ વૃત્તિ આવે એટલે ઉપરતિ સંપન્ન થાય.

➻ શ્રધ્ધા :- ગુરૂ અને વેદાંતના વાક્યનો વિશ્વાસ. આસ્થાને કેન્દ્ર પર પકડી રાખવાની કળા તે શ્રધ્ધા છે એ મહાપુરુષોની વિશેષતા છે. વેદના વાક્ય પર વિશ્વાસ છે તો જેટલી રુચી (શ્રધ્ધા) હોવાથી જ્ઞાન થાય છે. ગુરૂમાં શ્રધ્ધા કરવી. ગુરૂ વાક્યમાં, વેદ વાક્યમાં

શ્રધ્ધા કરવી. સ્વામીશ્રી અખંડાનંદજીની જીભ લથડતી હતી પણ તેમની જીભ પર સરસ્વતી સવાર થઈ ગઈ તે અદ્‌ભૂત તપસ્યા (શ્રધ્ધા) થી થયું છે. જો સ્વામીજીએ વિચાર્યુ હોત કે લથડાતી જીભે હું શું જ્ઞાન આપી શકીશ તો આ ના થયું હોત. પણ તે શ્રધ્ધાનો ચમત્કાર છે.

**''જેવો સ્વારથમાં સૂરો થયો,**
**એવો પરમારથમાં પૂરો થયો''**

એવો ભાવ જાગે એવી શ્રધ્ધા જાગે એવો બ્રહ્મભાવ હૃદયમાં ધારણ કરે ત્યારે સુખી થાય છે.

**સમાધાન :–** ગુરૂએ અને વેદાંતે બતાવેલો માર્ગ જ મારા માટે સાચો છે. શંકાને દૂર કરવી. સંતની વાતનો સ્વીકાર કરવો.

**''છેદો છેદો શંકા તમારી તમામ રે,**
**શંકાના છીદ્રોથી રે નિષ્ઠા નથી જામતી રે લોલ,**
**રાખો રાખો નિષ્ઠા પ્રભુમાં ભરપુર રે,**
**નિષ્ઠાને પ્રતાપે રે પ્રભુમય થઈ જશો રે લોલ,**
**જેમ ઈયળ ધરે ભમરીનું ધ્યાન રે,**
**ધ્યાનને પ્રતાપે રે ઈયળ ભમરી થઈ ઉડી રે લોલ''**

ગુરૂના અને વેદાંતના વાક્યમાં કોઈ શંકા ન રહેવી જોઈએ. દ્રઢ વિશ્વાસ થાય તો સમાધાન થયું કહેવાય.

આત્મજ્ઞાનથી જ મુક્તિ મળે છે એના સિવાય કોઈ પણ રીતે જન્મ અને મૃત્યુથી નિવૃતિ નથી. તેમાં આત્મજ્ઞાન લેવામાં લાગી જાય તેને સમાધાન થયું કહેવાય.

ચિત્તની એકાગ્રતા થાય તેને સમાધાન કહેવામાં આવે છે.

મુમુક્ષત્વ :- પરમાત્મા સિવાય કાંઈ ગમે નહિ. તેને મુમુક્ષુ કહેવાય. મારો મોક્ષ થઈ જાય એવા પ્રકારની ઉત્કટ ઈચ્છા તેને મુમુક્ષત્વ કહેવામાં આવે છે.

## આંધળા, બહેરા, મૂંગા અને લૂલા બનો !

**લેખક – શિવ**

પરમાત્મા સિવાય બીજી કોઈ વસ્તુ જોવી જ નહિ-આંધળા બની જાઓ !

એવું કદાચ અશકય લાગે તો, ખાસ કરીને બીજાના દોષને, બીજાની સ્ત્રીઓને લાલચુ દ્રષ્ટિથી ભોગોને, બીજાનાં પાપોને જ જગતની નિત્યાપાને તો ન જ જોશો.

પ્રભુ અને પ્રભુ મધુર ચર્ચા, કીર્તન, ગાન આદિને છોડીને બીજાું કંઈ જ સાંભળો નહિ-બહેરા બની જાઓ !

સાંભળવાની વૃત્તિને રોકી ન શકો તો ભગવન્નામ, ભગવત્તત્ત્વ અને ભગવત્-લીલાને જ સાંભળો. તે ઉપરાંત બીજાું કંઈ સાંભળવાની ફરજ પડે તો, ઈશ્વરનિન્દા, સાધુ-ટીકા, પરદોષ, સ્ત્રીચર્ચા, પારકાના અહિતની વાતો, પોતાની પ્રશાંસા, વ્યર્થા બકવાદ ને ચિત્તને પરમાત્મચિંતનથી દૂર રાખનાર શબ્દો તો કદીયે ન સાંભળશો.

તમને કદાચ એમ તરે કે, ખાલી સાંભળવાથી શું નુકસાન ?

પરંતુ સાંભળવાનું નુકસાન ઘણી વાર અમલમાં મૂકવા કરતાં પણ વધી જાય છે.

ભગવાન અને ભગવાનને લગતી વાતે સિવાય બીજી વાતો કરવામાં જીભનો જરાય ઉપયોગ ન કરો - મૂંગા બની જાઓ !

પ્રભુ અને પ્રભુનાં સ્થાનોને બાદ કરીને બીજે કોઈ સ્થળે જવા માટે લૂલા-લંગડા બની જાઓ ! જવું હોય તો પ્રભુનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે પ્રભુનાં મંદિરમાં જાઓ- પછી ભલે તે મંદિરમાં મૂર્તિ હોય કે દુઃખથી દાઝેલું કોઈ ઘર હોય ! કદાચ અન્યત્ર જવાની જરૂર ઊભી થાય તો વૈશ્યાલય, શરાબખાનું, જુગારના અડડાઓ, કસાઈવાડો, પારકાને દુઃખ દેખાર સ્થાનો, સદ્‌વૃત્તિનો વિનાશ કરનાર જગ્યાઓ, પારકાની નિંદા કરનાર અને પોતાની પ્રશંસા કરનાર સ્થળો- આટલાંથી તો ખાસ દૂર રહેવું.

ઉપર જણાવ્યા પ્રમાણે આંધળા બનશો તો સાચી (દિવ્ય) આંખ મળશે, બહેરા બનશો તો દિવ્ય કાન મળશે, મૂંગા બનશો તો દિવ્ય રસને ચાખનાર જીભ મળશે અને લૂલા-લંગડા બનશો તો પ્રભૂના ધામ સુધી ચાલવાની શકિત આપનાર પગ મળશે.

આ બધા ઉપરાંત સૌથી મોટો લાભ એ મળશે કે, તમારૂં હૃદય પ્રભુનું નિવાસસ્થાન જશે.



# ઉજ્જૈન નગરી મહાકાલેશ્વર ધામમાં
# ‘૧૬’ મો નિર્વાણ જયંતિ મહોત્સવ

જય શ્રી સચ્ચિદાનંદ સાથ જણાવવાનું કે પરમ પૂજ્ય અનંતકોટી બ્રહ્માંડનાયક આર્ય દિવાકર યતીન્દ્રવર્ય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પ્રગટ બ્રહ્મસ્વરૂપ **અનન્તશ્રી વિભૂષિત સદ્‌ગુરૂ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીની** અસીમ કૃપાથી સંપૂર્ણ ભૂમંડળમાં સર્વ શ્રેષ્ઠ પરમ પવિત્ર ભારતની દિવ્યભૂમિમાં જ્યારે મેષ રાશિમાં સૂર્ય હોય અને સિંહ રાશિમાં બૃહસ્પતિ હોય ત્યારે ઉજ્જૈનમાં સર્વ પ્રકારનું સુખ પ્રદાન કરવાવાળો પૂર્ણ કુંભ મહાપર્વ આવે છે તેવા પવિત્ર સમયની અંદર પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો **‘૧૬’ મો નિર્વાણ જયંતિ મહોત્સવ** સંવત ૨૦૭૨ના વૈશાખ સુદ અગિયારસ ને મંગળવાર તા. ૧૭-૦૫-૨૦૧૬ના શુભ દીને સર્વ પાપ નાશીની ક્ષિપ્રા નદીના કીનારે ઉજ્જૈન નગરી એવા મહાકાલેશ્વર ધામના આંગણે પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ધામધુમથી ઉજવાશે.

આ પ્રસંગે સંતો-મહંતો-મહામંડલેશ્વરો તથા વિદ્વાન મહાપુરૂષો પધારશે, તો આ મંગળમય પ્રસંગે ઉપસ્થિત રહી પૂજન, અર્ચન, દર્શન તથા આશિર્વચનનો અમૂલ્ય લાભ લેવા સર્વે ભાવિક ભાઈ-બહેનોને ભાવભર્યું નિમંત્રણ છે તો અવશ્ય લાભ લેવા પધારશોજી.

## તારીખ ૧૭/૦૫/૨૦૧૬ને મંગળવાર

- ❖ પ્રાતઃ ક્ષિપ્રા નદી સ્નાન — સવારે ૪.૦૦
- ❖ પ્રાતઃ પ્રભાતિયા — ૫:૦૦ થી ૫:૩૦
- ❖ શ્રી ગુરુગીતાનો પાઠ — ૫:૩૦ થી ૭:૦૦
- ❖ ચા પાણી નાસ્તો — ૭:૦૦ થી ૮:૦૦
- ❖ શ્રી સદ્‌ગુરૂ પૂજન — ૮:૦૦ થી ૯:૦૦
- ❖ સંતોનુ સ્વાગત સન્માન — ૯:૦૦ થી ૯:૩૦
- ❖ મહાપુરૂષોનું પ્રવચન- વિષય : ગુરૂભક્તિ — ૯:૩૦ થી ૧૨:૩૦
- ❖ મહા પ્રસાદ — ૧૨:૩૦ થી ૨:૦૦

## :: નિમંત્રક ::

| | | |
|---|---|---|
| સ્વ. દેવશીભાઈ ભીખાભાઈ અણઘણ | શ્રી જીગરભાઈ કાનજીભાઈ અણઘણ | શ્રીમતિ વર્ષાબેન દીનેશભાઈ અણઘણ |
| ગં.સ્વ. શાંતુબેન દેવશીભાઈ અણઘણ | શ્રી રાહુલભાઈ વાલજીભાઈ અણઘણ | શ્રીમતિ પ્રિયંકાબેન જીગરભાઈ અણઘણ |
| શ્રી કાનજીભાઈ દેવશીભાઈ અણઘણ | શ્રી નિખીલભાઈ દીનેશભાઈ અણઘણ | શ્રીમતિ મિતલબેન રાહુલભાઈ અણઘણ |
| શ્રી વાલજીભાઈ દેવશીભાઈ અણઘણ | શ્રીમતિ વસનબેન કાનજીભાઈ અણઘણ | શ્રી જય દીનેશભાઈ અણઘણ |
| શ્રી દીનેશભાઈ દેવશીભાઈ અણઘણ | શ્રીમતિ જયાબેન વાલજીભાઈ અણઘણ | કુ. નિધી દીનેશભાઈ અણઘણ |

અણઘણ પરિવારના જય શ્રી સચ્ચિદાનંદ

## સિંહસ્થ મહાપર્વ – કુંભ મેલા ઉજ્જૈન

# "શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિર"

ધર્માનુરાગી ભક્તજનોને સહર્ષ જણાવવાનું કે સંપૂર્ણ ભૂમંડળમાં સર્વશ્રેષ્ઠ પરમ પવિત્ર ભારતની દિવ્યભૂમિમાં મનુષ્ય માત્રનું કલ્યાણ કરવા માટે હરદ્વાર-પ્રયાગ-ઉજ્જૈન અને નાસિક-ત્ર્યંબકમાં કુંભપર્વ થાય છે. અથર્વ વેદમાં કહ્યું છે કે **"ચતુરઃ કુંભાશ્ચતુર્ધાદદામિ"** આ ચાર સ્થાનમાં કુંભપર્વ આપુ છું. તો આ વર્ષ ઉજ્જૈનમાં સિંહસ્થ પૂર્ણ કુંભમેળો છે. એમાં અનેક મહાપુરૂષો સંતો દેશ-વિદેશમાંથી સમાજ-રાષ્ટ્ર અને ધર્મની અભિવૃદ્ધિ કરવા માટે વેદાદી શાસ્ત્રોનો અમૃતમય ઉપદેશ આપવા પધારે છે.

**"મેષ રાશિગતે સૂર્યે સિંહ રાશૌ બૃહસ્પતૈ । ઉજ્જૈયિન્યાં ભવેત્કુંભ સર્વ સોખ્ય વિવર્ધનઃ ।।"**

જ્યારે મેષ રાશિમાં સૂર્ય હોય અને સિંહ રાશિમાં બૃહસ્પતિ હોય ત્યારે ઉજ્જૈનમાં સર્વ પ્રકારનું સુખ પ્રદાન કરવાવાળો પૂર્ણ કુંભ મહાપર્વ આવે છે. ૨૦૭૨ માં ઉજ્જૈનમાં તા. ૧૧-૪-૨૦૧૬ થી તા. ૨૧-૫-૨૦૧૬ વૈશાખ સુદ પુનમ સુધી કુંભ મહાપર્વનું આયોજન કરવામાં આવ્યું છે. એટલે આ કુંભ પર્વમાં સર્વે ભાઈ-બહેનોએ લાભ લેવા નિમંત્રણ છે.

ઉજ્જૈન પૂર્ણ કુંભ પર્વમાં પાપ નાશીની ક્ષિપ્રા નદીમાં ભાવનાથી સ્નાન કરવાથી પુણ્યનાં ભાગીદાર થવાય છે. દાન-પૂણ્ય કરવાથી, સેવા કરવાથી, સાધુ-સંતોના દર્શન કરવાથી અન્તઃકરણ શુધ્ધ થાય છે. મહાપુરૂષોના જ્ઞાનોપદેશથી ધર્મ-અર્થ-કામ અને મોક્ષના ભાગીદાર થવાય છે. કુંભ પર્વમાં શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિરમાં તા. ૧૧-૪-૨૦૧૬ થી તા. ૨૧-૫-૨૦૧૬ સુધી અન્નક્ષેત્ર, ઔષધાલય, પરબ વગેરેનું આયોજન કરેલ છે. તો યથા શક્તિ સર્વ પ્રકારે સહકાર આપો પૂણ્યના ભાગીદાર બનશો. (દાન આપી પહોંચ મેળવવી.)

### :: કુંભ પર્વના સ્નાન તથા કાર્યક્રમ (૨૦૧૬ સિંહસ્થ પૂર્ણ કુંભ મેળો ઉજ્જૈન) ::

- તા. ૧૦-૦૪-૨૦૧૬ રોજ સાંજે પ.પૂ.મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રી વડોદરાથી રેલ્વે દ્વારા નિકળશે.
- તા. ૧૧-૦૪-૨૦૧૬ સવારે ૫.૦૦ વાગે ઉજ્જૈન પહોંચશે.
- તા. ૧૧-૦૪-૨૦૧૬ સોમવાર સિંહસ્થ પૂર્ણ કુંભમેળામાં છાવણી પ્રવેશ.
- તા. ૧૪-૦૪-૨૦૧૬ ગુરૂવાર સંતોને સમષ્ટિ ભંડારો.
- તા. ૨૨-૦૪-૨૦૧૬ શુક્રવાર ચૈત્રી સુદ પૂનમ પ્રથમ શાહી સ્નાન.
- તા. ૦૯-૦૫-૨૦૧૬ સોમવાર વૈશાખ સુદ અખાત્રીજ બીજુ શાહી સ્નાન.
- તા. ૧૭-૦૫-૨૦૧૬ મંગળવાર વૈશાખ સુદ ૧૧ પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીનો '૧૬' મો નિર્વાણ જયંતિ મહોત્સવ.
- તા. ૨૧-૦૫-૨૦૧૬ શનિવાર વૈશાખ પૂનમ ત્રીજુ શાહી સ્નાન

### :: ઉજ્જૈન શિબિરનું સરનામું ::

પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ
શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિર (કુંભમેળા) પ્લોટ નં. ૪૨-૪૩, સદાવલ રોડ, રામબાગ પાછળ,
નિરંજની અખાડાની સામે વાળો રોડ, ઉજ્જૈન, મધ્યપ્રદેશ. મો. ૯૮૯૮૩ ૭૬૬૬૧, ૯૮૨૫૫ ૫૨૫૭૦

### :: ચાણોદનું સરનામું ::

શ્રી માધવાનંદ આશ્રમ, મુ. ચાણોદ, તા. ડભોઈ, જી. વડોદરા. ફોન : ૦૨૬૬૩ – ૨૩૩૩૬૨

**: નિવેદક :**

**શ્રી રમેશભાઈ સુતરીયા (ચમારડી)** **શ્રી લવજીભાઈ માંગુકીયા (દડવા)**

## સત્સંગ સમાચાર (પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ)



### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (કણીયા)

- કથા પ્રારંભ : ચૈત્ર સુદ ૧૦ ને શનિવાર તા. ૧૬-૦૪-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : ચૈત્ર સુદ ૧૪ ને બુધવાર તા. ૨૦-૦૪-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : ચૈત્ર સુદ ૧૫ ને શુક્રવાર તા. ૨૨-૦૪-૨૦૧૬
- આયોજક : શ્રી દિનેશભાઈ પટેલ, શ્રી જશભાઈ પટેલ
- કથા સ્થળ : મુ. વડદલા, કણીયા, જી. આણંદ, તા. પેટલાદ.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (હેરંજ)

- કથા પ્રારંભ : ચૈત્ર વદ ૫ ને બુધવાર તા. ૨૭-૦૪-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : ચૈત્ર વદ ૯ ને રવિવાર તા. ૦૧-૦૫-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : ચૈત્ર વદ ૧૧ ને મંગળવાર તા. ૦૩-૦૫-૨૦૧૬
- આયોજક : શ્રી ગણપતસિંહ જાલમસિંહ ચૌહાણ, શ્રી મયુરસિંહ સુભાષસિંહ ચૌહાણ, શ્રી ભાસ્કરભાઈ મણીભાઈ પટેલ, શ્રી પ્રવિણસિંહ ચૌહાણ, શ્રી જશવંતસિંહ ચૌહાણ
- કથા સ્થળ : રણછોડજીના મંદિરની પાસે, મુ. હેરંજ, તા. માતર, જી. ખેડા.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (અધેવાડા)

- પોથીયાત્રા : વૈશાખ સુદ ૧ ને શનિવાર તા. ૦૭-૦૫-૨૦૧૬, સમય : સવારે ૮.૦૦ વાગે
- કથા પ્રારંભ : વૈશાખ સુદ ૧ ને શનિવાર તા. ૦૭-૦૫-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : વૈશાખ સુદ ૫ ને બુધવાર તા. ૧૧-૦૫-૨૦૧૬
- કથા પૂર્ણાહૂર્તિ : વૈશાખ સુદ ૭ ને શુક્રવાર તા. ૧૩-૦૫-૨૦૧૬, સાંજે ૫.૦૦ કલાકે
- કથા સમય : ૯.૦૦ થી ૧૨.૦૦, ૩.૦૦ થી ૬.૦૦
- આયોજક : સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ (અધેવાડા)
- કથા સ્થળ : બ્રહ્માણી માતાજીના મંદિર, મુ. અધેવાડા, તા. જી. ભાવનગર.
- સંપર્ક : ખોડાભાઈ-૯૮૭૯૬ ૨૫૯૧૧, દાસભાઈ-૯૮૨૫૫૫ ૭૩૦૧૭, વલ્લભભાઈ-૯૪૨૭૯ ૮૮૬૪૭

### ઉજ્જૈન કુંભ મેળામાં શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિરમાં આવનાર ધર્મપ્રેમી ભક્તોએ આવવાની પૂર્વ સૂચના...

૧. કુંભપર્વમાં આવવાવાળા ભક્તોએ પોતાના માટે મચ્છરદાની-ઓઢવાનું અને બેટરી, લોટો અથવા ગ્લાસ સાથે લાવવો.
૨. સત્સંગ શિબિરમાં ભજન - સત્સંગમાં આરતી, પ્રાર્થના, પાઠ પૂજામાં અચુક હાજરી આપવી.
૩. શિબિરમાં નિયમ અનુસાર રહેવું.
૪. શિબિરમાં ભાઈ-બહેનોએ કિંમતી સોના, ચાંદીના દાગીના ઘરેણાં લાવવા નહી.
૫. શિબિરમાં આવવાવાળા ભાઈ-બહેનોએ આવવાની સંખ્યાની સુચના આપવી. જેથી વ્યવસ્થા સારી થઈ શકે.
**૬. ઉજ્જૈન કુંભમેળામાં પ્રવેશ માટે પાસપોર્ટ સાઈઝના ૨ ફોટા અને આધારકાર્ડ અથવા ચુંટણી કાર્ડ સાથે લાવવું અને નીકળતા પહેલા બે દિવસ અગાઉ ખાસ ફોન કરવો. મો. ૦૯૮૯૮૩ ૭૬૬૬૧, ૦૯૮૨૫૫ ૫૨૫૭૦**


### :: ભૂલા પડેલા માટે માર્ગદર્શન ::

*ઉજ્જૈનમાં આવતા ભાઈ-બહેનોને જણાવવાનું કે શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિરનું સરનામું મળતું ન હોય તો ઉજ્જૈન રેલ્વે સ્ટેશન પાસે ગીરનાર હોટલનો સંપર્ક કરવો.*

***રાજુભાઈ મો. ૦૯૮૯૩૦ ૮૮૭૩૬***

**વેબસાઈટ : www.omshreemadhavanandji.org**

## સત્સંગ સમાચાર પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા. ૨૮-૦૩-૨૦૧૬ ચાણોદ.
- પરમ પુજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીના ચાણોદ દર્શન કરવા જતા પહેલા ફોન કરીને જવું. સંજોગોવસાત પુજ્ય સ્વામીજીને બહાર જવાનું થાય માટે સંપર્ક કરીને જવું.
- તા. ૧૦-૦૪-૨૦૧૬ ઉજ્જૈન કુંભ મેળામાં જવા વડોદરાથી રેલ્વે દ્વારા રવાના થશે.



### પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ
### શ્રીમદ્ દેવી ભાગવત મહાપુરાણ જ્ઞાનયજ્ઞ

- પોથીયાત્રા : ફાગણ વદ અમાસ ને ગુરૂવાર તા. ૭-૪-૨૦૧૬, સવારે ૮.૩૦ કલાકે
- દેવી પ્રાગટય : તા. ૯-૪-૨૦૧૬ ને શનિવારે
- તુલસી વિવાહ : તા. ૧૨-૪-૨૦૧૬ ને મંગળવારે રાત્રે ૮.૩૦ કલાકે
- ગાયત્રી દીપ યજ્ઞ : તા. ૧૪-૪-૨૦૧૬ ને ગુરૂવારે રાત્રે
- કથા પૂર્ણાહૂર્તિ : તા. ૧૫-૪-૨૦૧૬ ને શુક્રવારે (રામનવમી)
- કથાનો સમય : બપોરે ૨.૦૦ થી ૬.૦૦ કલાકે
- સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, મુ. વામજ, તા. કલોલ, જી. મહેસાણા.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવમ્ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

- પોથીયાત્રા : ચૈત્ર સુદ ૧૦ ને શનિવારે તા. ૧૬-૪-૨૦૧૬, બપોરે ૧.૦૦ કલાકે
- કથા પ્રારંભ : તા. ૧૬-૪-૨૦૧૬ થી તા. ૨૨-૪-૨૦૧૬ સુધી સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ કલાક
- કૃષ્ણ જન્મ મહોત્સવ : ચૈત્ર સુદ ૧૩ ને મંગળવાર તા. ૧૯-૪-૨૦૧૬, સમય : બપોરે ૧.૦૦ કલાક
- કથા પૂર્ણાહૂર્તિ : ચૈત્ર સુદ ૧૫ ને શુક્રવાર તા. ૨૨-૪-૨૦૧૬, સવારે ૧૧.૦૦ કલાકે
- કથાનો સમય : સવારે ૭.૦૦ થી ૧૧.૦૦ કલાકે
- સ્થળ : સંતશ્રી વિરાબાપા સમાધી મંદિર, મુ. ડોળાસા, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ.
- મુખ્ય દાતાશ્રી : શ્રી માનસિંહભાઈ લાખાભાઈ રાઠોડ તથા સહપરિવાર તરફથી...
- નિમંત્રક : ડોળાસા ગામ, સમસ્ત તથા શ્રી સમસ્ત કારડીયા રાજપુત સમાજ

**પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું પ્રસારણ તા. ૧-૬-૧૬ થી તા. ૩૦-૬-૧૬ સુધી લક્ષ્ય ચેનલ ઉપર સવારે ૯.૦૦ થી ૯.૩૦ કલાક સુધી નિહાળી શકાશે.**

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય તા. ૨૧ અને ૨૨ માર્ચ ૨૦૧૬ સુધી રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ વેદાંત સત્સંગ રસપાન કરાવ્યુ હતુ. સ્થળ : કૃષ્ણાપાર્ક એપાર્ટમેન્ટ, મોટા વરાછા, સુરત.















પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય તા. ૨૫ થી ૨૭ માર્ચ ૨૦૧૬ સુધી રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ વેદાંત સત્સંગ રસપાન કરાવ્યુ હતુ. સ્થળ : હરિકુંજ સોસાયટી, ચીકુવાડી, વરાછા રોડ, સુરત.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**




**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય તા. ૨૧ થી ૨૭ માર્ચ ૨૦૧૬ સુધી બપોરે ૩.૩૦ થી ૫.૩૦ સુધી વેદાંત સત્સંગ રસપાન કરાવ્યું હતું.**
**સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, વેડ કરાડા ગામ,તાપી કિનારે, સુરત.**

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
**શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,**
**કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.**
**ફોન નં.:- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦**

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-